આંક :

GJBN070027832017	કેસ રજુ તારીખ : ૧૯/૦૩/૨૦૧૫ કેસ દાખલ તારીખ: ૧૯/૦૩/૨૦૧૫ કેસ ફેંસલ તારીખ : ૦૯/૦૬/૨૦૨૬ સમયગાળો : વર્ષ માસ દિવસ ૧૧ ૦૨ ૨૧

सत्यमेव जयते

FORM–A

મે.પાલીતાણાનાં એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ, મુ.પાલીતાણા	
જજમેન્ટ તારીખ	: ૦૯/૦૬/૨૦૨૬
ફોજદારી કેસ નંબર	: ૧૬૮૯/૨૦૧૭ (જુનો ફો.કે. નં. ૫૨૪/૧૫)
ગુના રજીસ્ટર નંબર	: પાલીતાણા ટાઉન પો.સ્ટે., પાલીતાણા ફ.ગુ.ર.નં.૫૧/૨૦૧૪
ફરીયાદી	: **શ્રી સરકાર**
ફરીયાદ પક્ષ તરફે	વિ.એ.પી.પી.શ્રી એસ.આર.વનાળીયા
આરોપી	**હર્ષાબેન ડો./ઓ. જેન્તીભાઇ ધારશીભાઇ ભાલ** રહે. પાર્થ પ્રાર્થના ટેનામેન્ટ,પ્લોટ નં. ૨૦૭૩/૧૪ તળાજા રોડ, પાલીતાણા, જી. ભાવનગર.
આરોપી પક્ષ તરફે	: વિ.વકીલશ્રી બી.એમ. કલ્યાણ

FORM–B

ગુનાની તારીખ	: તા.૧૯/૨/૨૦૧૦ થી તા. ૧૭/૬/૨૦૧૦ સુધી
પ્રથમ માહીતી અહેવાલની તારીખ	: ૨૯/૮/૨૦૧૪
ચાર્જશીટ તારીખ	: ૩૧/૧૨/૨૦૧૪
પ્લીતહોમતનામુ ઘડયાની તારીખ	:૧૪/૦૩/૨૦૧૯
પુરાવાની શરૂઆતની તારીખ	: ૦૮/૦૨/૨૦૨૧
ચુકાદા માટે અનામત રાખ્યાની તારીખ	: ૦૯/૦૬/૨૦૨૬

ચુકાદાની તારીખ	: ૦૯/૦૬/૨૦૨૬
સજાનાં હુકમની તારીખ, જો કોઈ હોય તો	:

<u>આરોપીની વિગતો :</u>

અનું. નં.	**આરોપીનું નામ**	**ધરપકડ ની તારીખ**	**જામીન મુક્તિ ની તારીખ**	**ગુન્હાનું તહોમત**	**શું નિદોર્ષ છોડયા/ સજા કરી**	**કરવામા આવેલ સજા**	**સુનાવણી દરમિયાન અટકાયત નો સમય ગાળો. ફો.કા.સં. ની કલમ ૪૨૮ મુજબ**
૧.	હર્ષાબેન ડો./ઓ. જેન્તીભાઇ ધારશીભાઇ ભાલ	૨૦/૯/ ૨૦૧૪	આગોતરા જામીન તા. ૧૫/૯/૧૪ થી આવતાં તા. ૨૦/૯/૨૦૧૪	ઈ.પી. કોડની કલમ ૪૦૯, ૪૨૦ મુજબ			

FORM–B

ફરીયાદી/બચાવપક્ષ/ન્યાયાલયનાં સાક્ષીઓની યાદી :

(એ) ફરીયાદપક્ષનાં સાહેદ :

અનું.નં.	**નામ**	**આંક**	**પુરાવાનો પ્રકાર**
PW−1	દિપસિંગભાઇ દાનસિંગભાઇ પરમાર	૨૦	પંચ
PW−2	દિપસિંગભાઇ જેહાભાઇ સોલંકી	૨૨	પંચ
PW−3	મયુરસિંહ હઠીસિંહ સરવૈયા	૨૬	ફરીયાદી
PW−4	નીતીનભાઇ નારણભાઇ ગોરજીયા	૫૧	સાહેદ
PW−5	પરસોતમભાઇ ભાયાભાઇ નાવડીયા	૫૪	સાહેદ
PW−6	ભાવીનભાઇ નાથાભાઇ પારેખ	૫૫	સાહેદ
PW−6	ભાવસીંગભાઇ નથુભાઇ ગોહીલ	૫૬	સાહેદ
PW−7	મીલનભાઇ કનુભાઇ રાઠોડ	૬૦	સાહેદ
PW−8	દીલીપભાઇ કીશોરભાઇ મહેતા	૬૮	સાહેદ
PW−9	ઉપેન્દ્રભાઇ નવલકીશોરભાઇ દવે	૭૪	સાહેદ
PW−10	કાસમભાઇ હબીબભાઇ સાંધ	૭૫	તપાસ કરનાર અમલદાર

(બી) બચાવપક્ષનાં સાહેદ:

અનું.નં.	નામ	આંક	પુરાવાનો પ્રકાર
DW−1			

(સી) અદાલત દ્રારા સાહેદઃ

અનું.નં.	નામ	આંક	પુરાવાનો પ્રકાર
DW−1			

ફરીયાદી/ બચાવપક્ષ /ન્યાયાલયનાં આંકની સુચિ:

(એ) ફરીયાદપક્ષનાં આંક :

અનુ.નં.	**આંક :**	**વર્ણન**
૧	૨૧	અટક પંચનામુ
૨	૪૧	લેખિત ફરીયાદ અસલ તા. ૬/૫/૧૪
3	૪૪	પાલીતાણા એજયુકેશન સોસાયટીએ આપેલ પોલીસને લેખિત ફરીયાદ તા. ૩/૪/૧૪
૪	૫૨	નીતીન એન. ગોરજીયાએ સેક્રેટરી પાલીતાણા

		એજયુકેશન સોસાયટીને લખેલ જવાબ
૫	૫૭	રામ સાયકલ એન્ડ ઓટો પાર્ટનો તા. ૨/૮/૧૦ ના પત્રનો જવાબ
૬	૫૮	રામ સાયકલ એન્ડ ઓટો પાર્ટનો સંસ્થાના બીજા પત્રનો ખુલાસો
૭	૫૯	ભાવસીંગભાઇ નથુભાઇ ગોહિલનું સોગંદનામું
૮	૬૧	મીલનભાઇ રાઠોડે નીતીનભાઇ ગોરજીયાને લખેલ પત્ર તા. ૨૪/૧૧/૧૦
૯	૬૨ થી ૬૭	મીલનભાઇએ અલગ અલગ વ્યકિતઓને લખેલ પત્રો તથા આરોપીને આપેલ નોટીસ તથા આવેલ જવાબોમાં રીસીવ્ડ કરેલા પત્રો.
૧૦	૬૯	સ્ટેટ બેંક ઓફ ઇન્ડીયા પાલીતાણાના મેનેજરનો પો.સ.ઇન્સ. પાલીતાણાને લખેલ પત્ર

(બી) બચાવપક્ષનાં આંકઃ

અનુ.નં.	**આંક :**	**વર્ણન**
૧	૭૭	નામદાર ગુજરાત હાઇકોર્ટ સ્પેશીયલ સીવીલ એપ્લીકેશન નં. ૪૧૮૧/૨૦૧૪ નો તા. ૨૦–૩–૨૦૧૪ ના હુકમની નેટ કોપી.
૨.	૭૮	નામદાર ગુજરાત હાઇકોર્ટ સ્પેશીયલ સીવીલ એપ્લીકેશન નં. ૪૧૮૧/૨૦૧૪ નો તા. ૦૨–૯–૨૦૧૪ ના હુકમની નેટ કોપી.
૩.	૭૯	નામ. ટ્રીબ્યુનલ અમદાવાદમાં કરેલ અરજી નં. ૫૮૯/૧૪ કુલ–૧૧૮ પેઇઝ તા. ૧૨–૯–૨૦૧૪ ની ખરી નકલ.
૪.	૮૦	નામદાર ગુજરાત હાઇકોર્ટ સ્પેશીયલ સીવીલ એપ્લીકેશન નં. ૧૨૪૦૩/૨૦૨૦ અરજી તથા દસ્તાવેજો કુલ–૧ થી ૪૭ એફ. તા. ૨૯–૯–૨૦૨૦ ની ખરી નકલ.
૫.	૮૧	સ્પેશીયલ સીવીલ એપ્લીકેશન નં. ૧૨૪૦૩/૨૦૨૦ નો તા. ૧૦–૧૧–૨૦૨૫ ના હુકમની ખરી નકલ.

(સી) ન્યાયાલયનાં આંક:

અનુ.નં.	**આંક :**	**વર્ણન**
–	–	–

(ડી) ભૌતિક પદાર્થ :

અનુ.નં.	**ભૌતિક પદાર્થ સંખ્યા**	**વર્ણન**
૧	–	–

:: ચુ કા દો ::

(૧) ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે,

ગઇ તા.૧૯/૦૨/૨૦૧૦ થી તા. ૧૭/૦૬/૨૦૧૦ સુધી કોઇપણ વખતે આરોપી એમ.એમ. કન્યા વિદ્યાલય, પાલીતાણા ખાતે આચાર્ય તરીકે ફરજ બજાવતા હોય, પોતાની ફરજ દરમ્યાન સરકારશ્રી તરફથી ભેટ મળેલ સાયકલોમાં ગેરરીતી કરી, શ્રી રામ સાયકલ સ્ટોરવાળા પાસેથી કોમ્પ્યુટર સેટ–૧ ના રૂા. ૨૦,૦૦૦/– રોકડા લઇ, શ્રી મહાવીર એન્ટરપ્રાઇઝ કોમ્પ્યુટર વાળાને રોકડમાં ચુકવી, ત્યારબાદ ચેક નં. ૫૬૭૨૨૦૩, તા. ૨૭/૧/૨૦૧૦ નો એકાઉન્ટ પે નો ઇશ્યુ કરી, રોડક રૂા. ૨૦,૦૦૦/– કોમ્પ્યુટરવાળા પાસેથી પરત મેળવી, પોતાના અંગત ઉપયોગમાં લઇ, સંસ્થાની રકમનો તથા રેકર્ડનો દુરઉપયોગ કરી, હંગામી ઉચાપત કરી, સંસ્થા સાથે છેતરપીંડી કરી, ગુન્હો કર્યા અંગેની ફરિયાદ ફરિયાદીએ પાલિતાણા ટાઉન પો.સ્ટે.માં નોંધાવતા,ફ. ગુ.ર.,નં.–૫૧/૨૦૧૪ થી ગુન્હો દાખલ કરી,ત.ક.અ.શ્રી દ્બારા તપાસના અંતે, આરોપી સામે ભારતીય દંડ સંહિતાની કલમ–૪૦૯,૪૨૦ મુજબના ગુન્હા સબબ પૂરતો પુરાવો મળી આવતા, ચાર્જશીટ અદાલતમાં રજુ કરતા, તેને ફોજદારી રજીસ્ટરે ફોજદારી કેસ નં.–૫૨૪/૨૦૧૫ આપવામાં આવેલ.

ત્યારબાદ સદર કેસ નામ. ચીફ. જયુડી. મેજી. ભાવનગરના તા. ૧–૩–૧૭ ના કચેરી આદેશ જાવક નં. ૨૨/૧૭ તા. ૧/૩/૧૭ થી

ભાવનગરના મહે. ૧૨ માં એડીશ્નલ ચીફ જયુડી. મેજી. શ્રી ભાવનગરની અદાલતમાં ટ્રાન્સફર કરવામાં આવેલો. ત્યારબાદ સદર કેસ નામ. ગુજરાત હાઇકોર્ટના નોટીફીકેશન નં. A.0405(II)/2017(86) તા. ૧૫/૧૧/૧૭ અન્વયે નામ. ડીસ્ટ્રીકટ કોર્ટ, ભાવનગરના ઓ.ઓ. નં. ૧૨૧૯/૨૦૧૭ તથા પત્ર જાવક નં. જયુડી. એ ૧૮૧૧૦/૧૭, તા. ૧૬/૧૧/૨૦૧૭ અનુસાર અત્રેની અદાલતને આગળની ન્યાયીક કાર્યવાહી માટે મોકલવામાં આવતાં સદર કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ.

(૨) આરોપી સામે ચાર્જશીટ રજૂ થતા, આરોપી સામે ઉપરોકત ગુન્હાનું સંજ્ઞાન લઈ, આરોપીને સમન્સ કરવામાં આવેલ અને આરોપીને સમન્સ બજી જતા, આરોપી અદાલતમાં ઉપસ્થિત થયેલ. ત્યારબાદ, ક્રિ.પ્રો.કોડની કલમ–૨૦૭ મુજબ આરોપીને ક્રી.પ્રો. કોડની કલમ–૧૭૩ મુજબના ચાર્જશીટ પેપર્સની નકલો વિનામૂલ્યે મળી ગયાની ખાતરી કર્યા બાદ, ક્રિ.પ્રો. કોડની કલમ–૨૪૦(૧) મુજબ મારા પુરોગામી ન્યાયધીશશ્રીએ આરોપી ઉપર આંક–૦૬ થી ઉપરોકત ગુન્હાઓનું તહોમતનામુ ફરમાવી, સદર તહોમતનામું આરોપીને વાંચી સંભળાવી, તે અંગે આરોપીની આંક–૦૭ થી પ્લી રેકર્ડ કરતા, તેમણે ગુનો કબૂલ હોવાનો સ્પષ્ટપણે ઈન્કાર કરી, કેસ આગળ ચલાવવાનું જણાવતા, કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ.

(3) ઉપરોકત મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો બાદ ફરીયાદપક્ષે તેમનો પુરાવો પુરો થયેલાનું જાહેર કર્યા બાદ પડેલ પુરાવા સંદર્ભે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૧૩ મુજબ આરોપીનું વધારાનું નિવેદન રેકર્ડ કરતાં આરોપીએ તેમનાં વધારાનાં નિવેદન પ્રોસીક્યુશન પક્ષનાં પુરાવાની સત્યતાનો ઈન્કાર કરી તેઓ નિદોર્ષ હોય તેઓએ કોઇ ગુનો કરેલ નથી. તેઓને સંસ્થાએ તા. ૧૧/૨/૧૪ ના રોજ ફરજ મુકત કરેલ જેથી તેઓ નામદાર ગુજરાત હાઇકોર્ટમાં અને શૈક્ષણિક ટ્રીબ્યુનલમાં ચેલેન્જ કરેલ હોય જેથી તેઓને સામે દબાણ લાવી તા. ૩/૪/૧૪ ના રોજ ખોટી ફરીયાદ કરેલ છે અને ખોટી જુબાની આપેલ છે. ફરીયાદી સંસ્થાના પ્રમુખ તરીકે હોય તેમાં સતત તેઓને

કરેલ કેસ પાછા ખેચવા દબાણ કરતાં હોય, તેઓ કેસ પાછો ખેંચતા ન હોય તેઓની સામે ખોટા પુરાવા આપેલ હોવાનું જણાવી વિશેષમાં તેઓનું નિવેદન તથા આંક ૭૭ થી ૮૧ દસ્તાવેજી પુરાવા રજુ રાખેલ છે.

(૪) ત્યારબાદ ફરીયાદ તરફે વિ.એ.પી.પી.શ્રી એસ.આર. વનાળીયાની તથા આરોપી પક્ષે વિ.વ.શ્રી બી.એમ. કલ્યાણીની દલીલો તથા રજુઆતો સાંભળવામાં આવેલી છે. જરૂર પડે ચર્ચા કરવામાં આવેલ છે.

ફરીયાદપક્ષની ટુંકમાં દલીલ જોઇએ તો, આરોપી ઉપર ઈ.પી.કોડની કલમ ૪૦૯, ૪૨૦ મુજબનું તહોમતનામું ઘડવામાં આવેલ છે સદરહું કામે પંચનામાનાં પંચો સહી ઓળખે છે જયારે સદરહું કામે આંક : ૨૬થી ફરીયાદીને તપાસવામાં આવેલ છે જે આંક : ૪૧ની ફરીયાદને તથા આંક : ૪૪ ની લેખિત ફરીયાદને સમર્થનમાં જુબાની આપેલ છે જયારે આંક : ૫૧ થી સંસ્થાનાં સેકેટરી તથા આંક : ૫૪ થી સંસ્થાનાં ચેરમેન તથા આંક : ૫૫ થી ભાવીનભાઈ જેઓએ કોમપયુટરનું વેચાણ કરેલ તેને તપાસેલ છે જયારે આંક : ૫૬ થી ભાવનસીહને તપાસેલા છે તેઓ રામ સાયકલનાં વેપારી છે તેઓ કોમપયુટર ખરીદવા ડોનેશન રકમ રૂા.૨૦,૦૦૦/- આપેલ જે આંક : ૫૭ થી ૫૯ લખેલ પત્રોથી પણ સાબીત થાય છે.વધુમાં રજુઆત છે કે આંક : ૬૦થી સંસ્થાનાં સેકેટરી મીલનભાઈને તપાસેલા છે તેઓ પણ ફરીયાદ મુજબની હકીકતોને સમર્થન પુરી પાડેલ છે. જયારે આંક ૬૧ થી ૬૮નાં દસ્તાવેજોને સમર્થન આપેલ છે તેવા દસ્તાવેજો પ્રસ્થાપિત થયેલ છે જયારે આંક : ૭૫થી તપાસ કરનાર અમલદારને તપાસેલા છે જેઓ પુરતાં પુરવા મળી આવેલ અને હાલનું ચાર્જશીટ કરેલ છે ફરીયાદપક્ષનો તમામ પુરાવો જોતાં આરોપીએ એમ.એમ. કન્યા વિદ્યાલય, પાલીતાણા ખાતે આચાર્ય તરીકે પોતાની ફરજ દરમ્યાન સરકારશ્રી તરફથી ભેટ મળેલ સાયકલોમાં ગેરરીતી કરી, શ્રી રામ સાયકલ સ્ટોરવાળા પાસેથી કોમ્પ્યુટર સેટ-૧ ના રૂા. ૨૦,૦૦૦/- રોકડા લઈ, શ્રી મહાવીર એન્ટરપ્રાઈઝ કોમ્પ્યુટર વાળાને રોકડમાં ચુકવી, ત્યારબાદ ચેક નં. ૫૬૭૨૨૦૩, તા. ૨૭/૧/૨૦૧૦ નો એકાઉન્ટ પે નો ઇશ્યુ કરી, રોડક રૂા. ૨૦,૦૦૦/- કોમ્પ્યુટરવાળા પાસેથી

પરત મેળવી, પોતાના અંગત ઉપયોગમાં લઇ, સંસ્થાની રકમનો તથા રેકર્ડનો દુરઉપયોગ કરી, હંગામી ઉચાપત કરી, સંસ્થા સાથે છેતરપીંડી કરી, ભારતીય દંડ સંહિતાની કલમ–૪૦૯, ૪૨૦ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ જે ફરીયાદ પક્ષે રેકર્ડ ઉપર પ્રસ્થાપિત કરેલ હોય જેથી આરોપીને યોગ્ય સજા કરવા અરજ કરેલ છે.

જયારે આરોપીનાં વિ.વ.શ્રીની ટુંકમાં દલીલ દયાને લેતાં, સદરહું કામનો ગુનો સને ૨૦૧૦નાં જણાવેલ હોય જયારે તે જાહેર સને ૨૦૧૪માં થયેલ છે તેવા વિલંબ માટે ફરિયાદપક્ષે કોઈ કારણ જણાવેલ નથી. સદરહું કામનાં આરોપી એમ.એમ.કનયા વિધાલયનાં આચાર્યનાં હોદા પરથી કોઈ પણ જાતનાં પાલીતાણા એજયુકેશન સોસાયેટીનાં ઠરાવ વગર તથા ચાર્જ વગર છુટા કરવામાં આવેલ જેથી આરોપીએ જીલલા શિક્ષણ અધિકારી ને કરેલ જે મોટી શિક્ષા કરવા માટે નકકી કરેલ કાર્યપધધતી અનુસરવા જણાવેલ અને ના.ગુજરાત હાઇકોર્ટમાં સ્પે.સીવીલ રીવી.એપલીકેશન ૪૧૮૧/૨૦૧૪ની દાખલ કરવામાં આવેલ તે અંગે ટ્રીબયુનલમાં પણ દાખલ કરવામાં આવેલ જે આંક : ૭૭ થી ૮૧નાં દસ્તાવેજોથી સ્પષ્ટ થયેલ છે જે આચાર્ય તરીકે સંસ્થાએ ચાર્જશીટ વિના અને કારણ વિના અને ઠરાવ વિના કરેલ હોય જેથી તે પગાર તમામ ભથથા ચુકવવા ન પડે તેવા આશયથી આરોપી ઉપર દબાણ લાવવા હાલની સને ૨૦૧૪માં ફરીયાદ દાખલ કરેલ છે. જેમાં ફરીયાદપક્ષનાં તમામ સાહેદોની હકીકતો ફરીયાદ હકીકત સમર્થન નથી અને અથવા તેવા સાહેદોની હકીકતોનું ખંડન કરવામાં આવેલ છે અને તે વિરુધધની હકીકતો રેકર્ડ ઉપર લાવવામાં આવેલ છે જયારે આંક : ૫૨, ૫૭ થી ૫૯, તથા ૬૧ થી ૬૭ અને ૬૯ નાં દસ્તાવેજો ગૌણ પુરાવો હોય જે પ્રાથમીક પુરાવાથી પ્રોસીકયુશન પ્રસ્થાપિત કરવામાં નિષ્ફળ રહેલ તથા ફરીયાદપક્ષનાં કેસ મુજબ અને આક્ષેપિત ગુનાં તત્વો જોતાં વિશ્વાસભંગનું કૃત્ય કરેલ હોય તેવું કૃત્ય છેતરપિંડી પુર્વક કરેલ હોય કે મીલકત કે જવાબદારીનો ગેરઉપયોગ કરેલ હોય તેવો કોઈ પુરાવો ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી. ફરીયાદ પક્ષના આક્ષેપ મુજબ સંસ્થાને સાયકલ મેળવવા અંગે ગેરરીતી થયેલ હોય તથા ડોનેશનમાં કમ્પ્યુટર આપવાનું જણાવી સંસ્થા વતી આરોપીએ કમ્પ્યુટર ખરીદી કરી

કમ્પ્યુટર વાળા પાસેથી રોકડા નાણાં મેળવી પોતાની પાસે રાખેલ હોય તેવું ફરીયાદ પક્ષ પ્રસ્થાપિત કરી શકયા નથી. જયારે આરોપીએ ડોનેશનના નાણાં ગેરકાયદેસર રીતે જાળવી રાખ્યા હોય અને તેવું જાળવી રાખ્યાનું આરોપીનો અપ્રમાણીત ઈરાદો હતો તેવું પણ ફરીયાદ પક્ષ પ્રસ્થાપીત કરી શકેલ નથી.
જેથી ફરીયાદપક્ષ તેમનો કેસ નિશંકપણે પુરવાર કરી શકેલ ન હોય જેથી આરોપીને નિદોર્ષ છોડી મુકવા રજુઆત કરેલ છે. જયારે તેમની દલીલમાં નીચે મુજબનાં જજમેનટો ઉપર આધાર રાખેલ છે.

(1) Arshad Neyaz Khan Versus State Of Jharkhand, Cri.Appeal No.4281-2025 (SC, Jharkand High Court.)
(2) State Of Gujarat Versus Jaswantlal Nathalal, Criminal Appeal No. 93 of 1965 ; Decided on:- 28-12-1967
(3) Sardar Singh Versus State Of Haryana, Criminal Appeal No. 313 of 1971 ; Decided on:- 01-11-1976, SUPREME COURT OF INDIA (FROM - PUNJAB AND HARYANA HIGH COURT)
(4) Baldevbhai Premjibhai Chauhan Versus State Of Gujarat, Criminal Revision Application No. 313 of 1990 ; Decided on:- 04-08-2000

(૫) સદર કેસની ઉપરોકત હકીકતો, સંજોગો, રેકર્ડ પર રજુ થયેલ. પુરાવો તથા સંલગ્ન કાયદાની જોગવાઈઓ તેમજ ઉભય પક્ષની રજૂઆતો ધ્યાને લેતા, કેસના આખરી ન્યાય–નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

<u>–: મુદ્દા ઓ :–</u>

(૧) શું ફરિયાદ પક્ષ નિઃશંકપણે સાબિત કરે છે કે બનાવ સમયે અને સ્થળે, આ કામના આરોપીએ એમ.એમ. કન્યા વિદ્યાલય, પાલીતાણા ખાતે આચાર્ય તરીકે પોતાની ફરજ દરમ્યાન સરકારશ્રી તરફથી ભેટ મળેલ સાયકલોમાં ગેરરીતી કરી, શ્રી રામ સાયકલ સ્ટોરવાળા પાસેથી કોમ્પ્યુટર સેટ–૧ ના રૂા. ૨૦,૦૦૦/– રોકડા લઈ, શ્રી મહાવીર એન્ટરપ્રાઈઝ કોમ્પ્યુટર વાળાને રોકડમાં ચુકવી, ત્યારબાદ ચેક નં. ૫૬૭૨૨૦૩, તા. ૨૭/૧/૨૦૧૦ નો એકાઉન્ટ પે નો ઈશ્યુ કરી, રોડક રૂા. ૨૦,૦૦૦/– કોમ્પ્યુટરવાળા પાસેથી પરત મેળવી, પોતાના અંગત ઉપયોગમાં લઈ, સંસ્થાની રકમનો તથા

રેકર્ડનો દુરઉપયોગ કરી, હંગામી ઉચાપત કરી, સંસ્થા સાથે છેતરપીંડી કરી, ભારતીય દંડ સંહિતાની કલમ–૪૦૯, ૪૨૦ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

(૨) શું હુકમ?

(૬) ઉપરોક્ત મુદ્દાઓ પરત્વેના નિર્ણયો કારણોસહિત નીચે મુજબ છે:–

(૧) નકારમાં

(૨) આખરી હુકમ મુજબ.

:: નિર્ણયના કારણો ::

(૭) આ કામે એ જોવાનું થાય છે કે, શું ફરીયાદ પક્ષે રજુ થયેલ મૌખિક પુરાવાથી તેમજ રજુ પુરાવાઓથી થયેલ દસ્તાવેજી કલમ–૪૦૯, ૪૨૦ ની જોગવાઈ મુજબનાં શિક્ષાપાત્ર ગુન્હાઓ કરેલ હોય તો તેવી બાબત પૂરતા અને નિઃસક પુરાવાથી પુરવાર કરવાનો બોજો પ્રોસિક્યૂશન પક્ષના શીરે રહેલ છે જે ફરિયાદ પક્ષ રજૂ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાથી આરોપી વિરૂધ્ધ પુરવાર થાય છે કે કેમ? જે માટે આંક ૪૧ તથા ૪૪ ની ફરિયાદો તથા પ્રથમ બાતમી અહેવાલ દયાને રાખી રેકોર્ડ ઉપર નો પુરાવો જોઈએ તો,

પ્રથમ આંક : ૪૧થી ફરીયાદ રજુ કરેલ છે તેની હકીક્ત જોઈએ તો,

'' ફરીયાદી પાલીતાણા એજ્યુકેશન સોસાયટીનાં ટ્રસ્ટનાં પ્રમુખ તરીકે ફરજ બજાવે છે અને પાલીતાણા પાલીસ ઇનસ્પેક્ટર, પાલીતાણા ટાઉન પો.સ્ટે.ને ઉદેશીને પોલીસ અધિક્ષક ભાવનગરને ઉદેશીને કરેલ અરજી બાબતે પુછતાં લખાવેલ છે કે, તે અરજી મે કરેલ છે અને તેઓ છેલ્લા એકાદ વર્ષથી પાલીતાણા એજ્યુકેશન સોસાયટીમાં પ્રમુખ તરીકે બજાવે છે અને તેમનાં સંચાલનમાં (૧) એમ.એમ.કન્યા વિધાલય (૨) પી.એન.આર.પ્રાથમીક શાળા (૩) પી.એન.આર. શાહ મહીલા કોલેજ (૪) નવકાર મંત્ર બાલ મંદિર તથા (૫) પાલીતાણા હાઈસ્કુલ એમ કુલ પાંચ સ્કુલ આવેલ છે. જેમાં શ્રીમતી એમ.એમ.કન્યા વિધાલય પાલીતાણા નામની મહિલા સ્કુલ આવેલ છે જેમાં માધ્યમિક શિક્ષણ ચાલે છે. તેનાં પ્રિન્સીપાલ તરીકે હર્ષાબેન ભાલ ફરજ બજાવતાં હતાં. આ હર્ષાબેન જે. ભાલ આ સ્કુલમાં છેલ્લા સાતક વર્ષથી પ્રિ ન્સીપાલ તરીકે ફરજ બજાવેલ હતી. તેઓ સ્કુલમાં ગેરહાજરી અને અનિયમિતતાનાં કારણે તેમજ પોતાનેઅહિયા રહેવા કરતાં ભાવનગરથી અપ–ડાઉન કરતાં હોય જેનાં કારણે તેને ગઇ તા.૧૧/૨/૨૦૧૪માં ફરીયાદીએ તેમની પ્રમુખની હેસીયતથી તથા તમામ કમીટીનાં નિર્ણયથી સાંજનાં પાંચ વાગયે ફરજમાંથી મુકત કરી દીધેલ છે. આ

સંસ્થામાં ફરીયાદી પ્રમુખ તરીકે નિમુર્ણક થઈ ત્યારે જાણમાં પાલીતાણા એમ.એમ.કન્યા વિધાલયનાં પ્રિન્સીપાલ હર્ષાબેન જે.ભાલે સરકારશ્રી તરફથી વિધાર્થીઓને કોલરશીપ તરીકે મળતી સાયકલોમાં ખરીદી વખતે ગેરરીતી માલુમ પડેલ હતી જેથી આ સંસ્થાને ગઇ તા.૩/૪/૨૦૧૪નાં રોજ હર્ષાબેન ભાલને નોટીસ જાહેર મોકલેલ હતી. જેમાં ગઈ તા.૨૪/૧/૨૦૧૪નાં રોજ રામ સાયકલ એન્ડ ઓટો સ્પાર્ટ, ઘોઘા રોડ યોગી સ્મૃતિ કોમ્પ્લેક્ષ, દુકાન નં.૫, ભાવનગરનાં માલી કશ્રી ભાવસીંગભાઈ એમ.ગોહિલ તરફથી આ સંસ્થાને કોમ્પ્યુટર સેટ –૧ ભેટ આપવા માટે તેઓ તરફથી શ્રી મહાવીર એન્ટર પ્રાઈઝ, વીરભટ્ર અખાડા સામે ડોન રોડ ભાવનગરનાંઓ જેઓ કોમ્પ્યુટર વેચવાનો વ્યવસાય કરતાં હોય તેઓને ત્યાંથી શ્રી રામ સાયકલ એન્ડ ઓટો સ્પાર્ટ તરફથી કોમ્પ્યુટર સેટ – ૧ રોકડેથી ખરીદી કરી તેનો રોકડમાં તા.૨૪/૧/૨૦૧૦નાં રોજ કેસ પેમેન્ટ કરી આપી એમ.એમ.કન્યા વિધાલય પાલીતાણાને ફરીયાદી સંસ્થાને કોમ્પ્યુટર સેટ ૧ મળેલ જેની કિંમત રૂા.૨૦,૦૦૦/– થાય છે. આ કોમ્પ્યુટર સેટ – ૧ ની વેચાણ કિંમત રૂા.૨૦૦૦૦/–શ્રી રામ સાયકલ સ્ટોલ વાળા તરફથી શ્રી મહાવીર એન્ટર પ્રાઈઝ એટલે કે કોમ્પ્યુટરવાળાને રોકડ રકમ ચુકવેલ છે. આ વખતે એમ.એમ.કન્યા વિધાલયનાં આચાર્ય હર્ષાબેન જે ભાલ હાજર હતાં તેઓની રૂબરૂમાં કોમ્પ્યુટર સેટ ૧ નું પેમેન્ટ રોકડમાં થયેલ છે. તે હકીકત હર્ષાબેન જે.ભાલ આચાર્યશ્રી જાણતાં હોવા છતાં તેઓશ્રી તરફથી ઈરાદાપુર્વક ચેક નં.૫૬૭૨૨૦૩ તા.૨૭/૧/૨૦૧૦નો એકાઉન્ટ પેનો ઇસ્યુ કરી કોમ્પ્યુટરનાં વેપારી મહાવીર એન્ટર પ્રાઈઝ ભાવનગરને સદરહું ભેટ મળેલ કોમ્પ્યુટર સેટ ની સંસ્થામાંથી (એમ.એમ.કન્યા વિધાલય માંથી) ચેક ધ્રારા ચુકવેલ છે અને તે સેટની કિંમત રોકડમાં મહાવીર એન્ટર પ્રાઈઝ ભાવનગર પાસેથી પરત લઈ શાળાનાં આચાર્ય હર્ષાબેન જે ભાલ તરફથી પોતાનાં અંગત લાભ માટે આ રકમનો ઉપયોગ કરેલ છે. અને તા.૧૯/૨/૨૦૧૦ નાં રોજ શ્રી મહાવીર એન્ટર પ્રાઈઝ તરફથી હર્ષાબેન જે ભાલે રોકડ રકમ જે વસુલ કરેલ છે તે તા.૧૭/૭/૨૦૧૦નાં રોજ રૂા.૧૦,૦૦૦/– તથા તેજ દિવસે રૂા. ૧૦,૦૦૦/– મળી કુલ રૂા.૨૦,૦૦૦/– પહોંચ નંબર ૧૭૮, ૧૭૯થી જમા કરાવેલ છે જેથી આચાર્યશ્રી હર્ષાબેન જે ભાલ તરફથી ખોટી હકીકતો ઉભી કરી ખોટો ચેક ઇસ્યુ કરી ભેટ મળેલ કોમ્પ્યુટર સેટ –૧ વેચાણથી લીધેલ છે તેવી બનાવી રૂા. ૨૦,૦૦૦/– ની રકમ તા.૧૯/૨/૨૦૧૦ થી તા.૧૭/૬/૨૦૧૦ સુધી પોતાનાં અંગત ઉપયોગ કરી સંસ્થાની રકમનો તથા રેકર્ડનો દુર ઉપયોગ કરી હંગામી ઉચાપત કરી સંસ્યા સાથે છેતરપિડી કરેલ હોવાની ફરીયાદ કરેલ છે.''

(૭.૧) ફરીયાદ પક્ષે આંક–૨૦ થી પંચ સાહેદ દિપસિંગભાઇ દાનસિંગભાઈ પરમારને તથા આંક–૨૨ થી બીજા પંચ સાહેદ દિપસિંગભાઇ જેહાભાઈ સોલંકીને તપાસેલા છે. તેઓએ આંક–૨૧ નાં આરોપીને અટક કર્યા ના પંચનામાં ના પંચો છે પરંતુ તેઓએ પંચનામાને બિલકુલ સમર્થન આપેલ નથી. સદર સાહેદ ફરીયાદ પક્ષની હકીકતને સમર્થન કરતાં ન હોય, એ.પી.પી.શ્રી ધ્વારા ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપતા ફરીયાદ પક્ષને મદદરૂપ થાય તેવી કોઇ હકીકત રેકર્ડ પર

આવેલ નથી. જયારે ઉલટ તપાસમાં તૈયાર પંચનામામાં સહી કર્યા સીવાય બીજું કાંઇ જાણતા નથી.

(૭.૨) ત્યારબાદ ફરીયાદ પક્ષે આંક–૨૬ થી ફરીયાદી મયુરસિંહ હઠીસિંહ સરવૈયાનાઓને તપાસેલા છે. તેઓ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, '' તેઓ છેલ્લા ૨૭ વર્ષથી પાલીતાણા એજયુકેશન સોસાયટીમાં સભ્ય તરીકે હતાં અને સને ૨૦૧૪ થી તેઓ પ્રમુખ તરીકે છે. આ એજયુકેશન સોસાયટી હસ્તક ઘણી સંસ્થાઓ છે જેમાં શ્રીમતી એમ.એમ. કન્યા વિદ્યાલય તેઓની પેટા સંસ્થા છે જેના પ્રિન્સીપાલ તરીકે હર્ષાબેન જે. ભાલ ફરજ બજાવહ હતાં તેઓને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવે છે. વધુમાં જણાવે છે કે, બનાવ સને–૨૦૧૦ માં બનેલો. તેઓના અજ્યુકેશન સોસાયટીની પેટા સંસ્થા એમ.એમ.કન્યા વિદ્યાલયમાં હર્ષાબેન.જે.ભાલ આચાર્ય તરીકે સેવા બજાવતાં. આ દરમ્યાન ૨૦૧૦ માં દીકરીઓ માટે સ્કોલરશીપમાં સરકારશ્રી તરફથી સાયકલોની ગ્રાન્ટ આવતી, આ ગ્રાન્ટમાંથી માનનિય શ્રી હર્ષાબેન.ભાલ જે આચાર્યની ફરજ બજાવતાં તેઓ આ સાયકલોની ખરીદી કરતાં. આ સાયકલ ખરીદવા માટે ભાવનગર શ્રી રામ સાયકલ સ્ટોર ના સંચાલક ભાવસીંગભાઈ પાસેથી સાયકલોની ખરીદી કરેલ. તેઓની સંસ્થામાં તેઓ જે તે ડોનેશનથી ચલાવીએ છીએ. તેને ધ્યાનમાં લઈ ભાવસીંગભાઇને હર્ષાબેને કહેલ કે આવડી મોટી સાયકલોની ખરીદી હોય સંસ્થા માટે ડોનેશન પેટે અમોને એક કોમ્પ્યુટર ની જરૂર હોય આપો તો શ્રી રામ સ્ટોર વાળા ભાવસીંગભાઈએ આ માંગણીને ગ્રાહય રાખી ભાવનગરના વેપારી મહાવીર એન્ટરપ્રાઈઝ જે કોમ્પ્યુટર વેચાણનો ધંધો કરતાં તેમની પાસેથી અંદાજીત કી.રૂ.૨૦,૦૦૦/– (અંકે રૂપિયા વીસ હજાર પુરા) નુ કોમ્પ્યુટર લઈ પાલીતાણાની એજ્યુકેશન સોસાયટી સંચાલીત પેટા સંસ્થા એવી એમ.એમ.કન્યા વિદ્યાલયમાં આ કોમ્પ્યુટર ભેટ તરીકે આવેલ, જેની માહીતી એજ્યુકેશન સોસાયટીના કોઈપણ હોદ્ધેદારને ન હતી. આ કોમ્પ્યુટર ખરીદી તારીખ–૨૪/૧/૨૦૧૦ ના રોજ કરેલ, જે કોમ્પ્યુટરની કી.રૂ.૨૦,૦૦૦/– હતી તે કોમ્પ્યુટરનુ પેમેન્ટ મહાવીર એન્ટર પ્રાઈઝને કરવાનુ છે એમ કરી તેઓની સંસ્થા એમ.એમ.કન્યા વિદ્યાલયના એકાઉન્ટ માંથી એકાઉન્ટ પેઈડનો રૂ.૨૦,૦૦૦/– નો ચેક લઈ મહાવીર એન્ટર પ્રાઈઝને આપી ત્યાંથી રોકડ પેટે રૂ.૨૦,૦૦૦/– લઈ પોતાના અંગત સ્વાર્થ માટે વાપરવા રાખેલ. આ રકમની જાણ એજયુકેશન સોસાયટીના અધિકારીઓને થતાં જે તે સમયના કન્યા વિદ્યાલયના ચેરમેન તથા સેક્રેટરી શ્રીએ આ વિષયે આચાર્યશ્રી હર્ષાબેન ભાલને કારણદર્શક નોટીસ પણ આપેલ. આ નોટીસ બજાવ્યા પછી તેઓએ આ સંસ્થાને બે કટકે એટલે કે પ્રથમ રૂ.૧૦,૦૦૦/– અને બીજા રૂ.૧૦,૦૦૦/– સંસ્થામાં જમાં કરાવી આપેલ હતાં. આ રકમ તા.૧૯/૨/૨૦૧૦ થી લઈ તા.૧૭/૬/૨૦૧૦ સુધી પોતાની પાસે પોતાના અંગત સ્વાર્થ માટે રાખેલ અને જ્યારે સંસ્થાને ખબર પડી એટલે આ પૈસા ઉપર લખાવ્યા મુજબ બે કટકે જમાં કરાવેલ. એટલે આ જોતાં કાયદેસર રીતે હર્ષાબેન ભાલે સંસ્થા સાથે હંગામી પૈસાની ઉચાપત કરેલ તેવુ માલુમ પડતાં તા.૩/૪/૨૦૧૪ ના રોજ પોલીસ સ્ટેશનમાં જાણ કરતાં તેઓએ તપાસ કરતાં તા.૨૯/૮/૨૦૧૪ ના રોજ કાયદેસરની એફ.આઈ.આર નોંધી આ કેસ દાખલ કરેલ. વધુમાં સાહેદને આંક–૪૧ વાળી તા.૬/૫/૨૦૧૪ ના રોજની અસલ ફરીયાદ બતાવવામાં આવે છે જે જોઈને તેમાં પોતાની સહી ઓળખી બતાવે છે. તેને તા.૪/૩/૨૦૧૪ ના રોજની પાલીતાણા ટાઉન પોલીસને આપેલી લેખિત

ફરીયાદ બતાવવામાં આવે છે જે જોઈને કહે છે કે, તે લેખિત ફરીયાદ તેઓએ મોકલેલ અને જેમાં નીચે પોતાની સહી તથા પાલીતાણા એજ્યુકેશન સોસાયટીના પ્રમુખનો સિક્કો છે જે રજુ દાખલ આંક–૪૪ થી રજુ છે."

જયારે બચાવ પક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં ફરીયાદી એ હકીકતનો સ્વીકાર કરે છે કે, " એ વાત ખરી છે કે પાલીતાણા એજયુકેશન સોસાયટી એ ટ્રસ્ટ છે અને ટ્રસ્ટની ભાવનગર ચેરીટી કમીશ્રનરની કચેરી ખાતે નો નોંધણી થયેલી છે. તેઓના સ્વિાય કુલ ૧૪ ટ્રસ્ટીઓ છે. ટ્રસ્ટ સબંધીની કાર્યવાહી બાબતે રીજોલ્યુએશન પાસ કરવામાં આવે છે. તેઓએ તા. ૩/૪/૧૪ ની લેખિત ફરીયાદ પાલીતાણા સબ ઈન્સપેકટર રૂબરૂ આપેલી તેમાં તેણે ટ્રસ્ટ તરફથી તેને ફરીયાદ કરવા અધિકૃત કરવામાં આવેલ છે તેઓનો કોઇ લેખિત આધાર આપેલ નહીં. વધુમાં પોલીસે માંગેલ નહીં જેથી આપેલ નહી અને તેણે સ્વેચ્છાએ આપેલ નહી હોવાનું જણાવે છે. વધુમાં તેઓએ બી.એ. છેલ્લા વર્ષ સુધી અભ્યાસ કરેલ છે. તેઓએ પોલીસ સ્ટેશનમાં તા.૩/૪/૨૦૧૩ ના રોજ જે લેખિત અરજી આપેલી તે અરજી આપ્યા પછી પોલીસે તેને આશરે બે મહીના બાદ બોલાવેલ, અને ત્યારબાદ પોલીસે મને બોલાવેલ નથી. બીજી વખત પોલીસે તેને બોલાવેલ હતો ત્યારે પોલીસે તેની ઓપચારીક પુંછપરછ કરેલી. આ ઔપચારીક પુંછપરછમાં પોલીસે તેની સહી લીધેલી. હવે જણાવે છે કે પુંછપરછમાં સહી લીધેલ નહીં પરંતુ તેની ફરીયાદમાં સહી લીધેલી. એ વાત ખરી છે કે તેઓ પાલીતાણા એજયુકેશન સોસાયટીમાં સને–૨૦૧૩ થી પ્રમુખ તરીકે ફરજ બજાવે છે. સદર સાહેદને પ્રશ્ન સ્વરૂપે સવાલ પુછેલ કે– તમોએ સરતપાસની અંદર ૨૦૧૪ થી હુ પાલીતાણા એજયુકેશન સોસાયટીમાં પ્રમુખ છુ એવુ જણાવેલુ તે હકિકત સાચી કે ખોટી છે? તેના જવાબમાં સાહેદ જણાવે છે કે,– એ હકિકત સાચી છે. એ વાત ખરી છે કે તેઓએ હાલની ફરીયાદ આશરે ચારેક વર્ષ મોડી આપેલી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે તે વખતે આ સંસ્થાના પ્રમુખ તરીકે તેઓ ફરજ બજાવતો ન હતો. એ વાત ખરી છે કે તેણે તેની ફરીયાદમાં તથા તા. ૩/૪/૨૦૧૪ માં કે ફરીયાદ બાદ બે મહીના બાદ મારી પુંછપરછ થયેલી તેમાં ફરીયાદ મોડી આપ્યા સંબંધે કોઈ ખુલાસો કરેલ નથી. હર્ષાબેનને તેણે નોટીસો આપેલી પરંતુ કેટલી આપેલી તેની તેને હાલ ખ્યાલ નથી. હવે સાહેદ જણાવે છે કે તેણે નોટીસ આપેલી નથી. એ વાત ખરી છે કે તા. ૧૦/૨/૨૦૧૪ ના રોજ હાલના આરોપીને આચાર્યની ફરજ પરથી મુકત કરવામાં આવે છે તે અંગે પાલીતાણા એજયુકેશન સોસાયટીએ ઠરાવ કરેલો. તેઓએ આરોપીને તા.૧૧ /૨/૨૦૧૪ ના રોજ ફરજ ઉપરથી મુક્ત કરવામાં આવે છે તે બાબતનો પત્ર રૂબરૂ આપેલો. તેઓની સહીથી તથા સેક્રેટરીની સહીથી હર્ષાબેન ભાલને ફરજમાંથી મુકત કરવા બાબતેનો પત્ર રજી.એડી.થી મોકલવામાં આવેલ નહી. એ વાત ખરી છે કે તા.૧૩/૨/૧૪ ના રોજ જીલ્લા શીક્ષણા અધીકારી ધ્વારા તેઓને આરોપીને નોકરીમાંથી છુટા કરવા સંબંધેના પગલાને બહાલી આપવાના સંદર્ભે રૂબરૂ જીલ્લા શીક્ષણા અધિકારીની કચેરી ભાવનગર ખાતે બોલાવવામાં આવેલા. એ વાત ખરી છે કે જીલ્લા શીક્ષણા અધીકારી ભાવનગર ધ્વારા તેઓના હુકમ મુજબ બંને પક્ષોની રજુઆત સાંભળી શાળાના મંડળને માધ્યમીક શિક્ષણ વિનીમય કલમ–૨૭–અ–ક મુબજ મોટી શીક્ષા કરવા માટે નકકી કરેલ કાર્યપધ્ધીત અનુસરવા માટે જણાવવામાં આવેલ છે. એ વાત ખરી છે કે માધ્યમીક શિક્ષણ વિનીમય કલમ–૨૭–અ–ક મુજબ મોટી શીક્ષા કરવા માટે નકકી કરેલ કાર્ય પધ્ધીત અનુસરવામાં આવેલ નહી. એ વાત ખરી છે કે તા.૧૩/૩/૨૦૧૪ ના રોજ આરોપીએ જીલ્લા શીક્ષણા અધિકારી તથા તેઓ તથા એમ.એમ.કન્યા વિદ્યાલયના પ્રિન્સીપલ સામે સ્પે.સિવિલ એપ્લીકેશન દાખલ કરેલી. એ

વાત ખરી છે કે સદરહુ રીવીજન એપ્લીકેશન આરોપીને ફરજ મુકત કર્યા બાબતે દાખલ કરેલી. એ વાત ખરી છે કે આરોપીને ફરજ મુકતનો ઠરાવ તા. ૧૦/૨/૨૦૧૪ નો કરવામાં આવેલ. એ વાત ખરી છે કે તા. ૧૦/૨/૨૦૧૪ ના ઠરાવમાં હાલના આરોપી સંબંધે ફરીયાદમાં કરેલ ઉચાપતના આક્ષેપો સંબંધેની કોઈ હકિકત દર્શાવવામાં આવેલ નથી. તેઓ નીતીનકુમાર ગોરજીયાને ઓળખે છે. તેઓ તેઓની પાલીતાણા એજયુકેશન સોસાયટીના સને-૨૦૧૪ માં ખજાનશીનો હોદ્દો ધરાવતાં હતાં. તેઓ પરશોતમભાઈ ભાયાભાઈ નાવડીયા ને ઓળખે છે. તેઓ તેઓની પાલીતાણા એજ્યુકેશન સોસાયટીના સને-૨૦૧૪ માં સામાન્ય સભ્ય હતા તે સિવાય તેઓ તેમની સોસાયટીમાં કોઈ હોદ્દો ધરાવતાં ન હતાં. તેઓ ઉપેન્દ્રભાઈ નવલશંકરભાઈ દવે ને ઓળખે છે. તેઓ એમ.એમ.કન્યા વિધાલયમાં સને-૨૦૧૪ માં કલાર્ક તરીકે ફરજ બજાવતાં હતાં. તેઓ મીલનભાઈ કનુભાઈ રાઠોડ ને ઓળખે છે. તેઓ તેમની પાલીતાણા એજયુકેશન સોસાયટીના સને-૨૦૧૪ માં સેક્રેટરી તરીકે ફરજ બજાવતાં હતાં. તેઓની પાલીતાણા એજયુકેશન સોસાયટી સંચાલીત એમ.એમ.કન્યા વિધાલય ને ચેક ધ્વારા પેમેન્ટ કરવાનુ હોય તો તે ચેકમાં તેમની પાલીતાણા એજ્યુકેશન સોસાયટીના સેક્રેટરીની અને આચાર્યની સહી હોય છે. તેઓની પાલીતાણા એજ્યુકેશન સોસાયટીમાં કોઈ વ્યકિંત ધ્વારા રોકડ રકમ જમા કરાવામાં આવતી હોય ત્યારે તેમાં તેમની સોસાયટીના કલાર્કની સહી હોય છે. તે સિવાય બીજા કોઈની સહી લેવા માં આવતી નથી. એ વાત ખરી છે કે તેઓએ તેમની તા.૩/૪/૨૦૧૪ ની અરજીમાં તા. ૧૭/૬/૨૦૧૦ ના રોજ રૂ.૧૦,૦૦૦/- તથા તે દિવસે બીજા રૂ. ૧૦,૦૦૦/- પહોંચ નં-૧૭૮ તથા ૧૭૯ થી જમાં કરાવેલ છે તેવુ દર્શાવેલ છે. તેને પાલીતાણા એજયુકેશન સોસાયટીની પહોંચ નં- ૧૭૮ તથા ૧૭૯ ની પહોંચ બતાવવામાં આવે છે જેમાં તેઓની સેક્રેટરી મીલનભાઈની સહી છે તેમજ વસુલ લેનાર તરીકે વી.ટી.વાઘાણી ની સહી છે આ બંને પહોંચની અંદર નાણા આપનાર તરીકે શ્રી મહાવીર પાન સેન્ટર ભાવનગર તથા શ્રી રામ સાયકલ એન્ડ ઓટો પાર્ટસ ભાવનગર નાઓ તરફથી પૈસા મળેલા. તેઓ ભાવસંગભાઈ નથુભાઈ ગોહીલ ને ઓળખતો નથી તે તેમના પરીચયમાં નથી. તેઓ ભાવિનભાઈ મહેન્દુભાઈ પારેખ ને ઓળખતો નથી તે તેમના પરીચયમાં નથી. તેઓને ફરીયાદમાં કરેલા આક્ષેપો સંબંધેની માહીતી તેઓ પ્રમુખ થયો ત્યારબાદ રેકર્ડ આધારે જાણવા મળેલી. સદર સાહેદને પ્રશ્ન સ્વરૂપે સવાલ પુછેલ કે- અમારી સોસાયટી ધ્વારા કામ કરતાં કર્મચારીને ફરજ મુકત કરવામાં આવે ત્યારે તેને તેની સર્વિસ દરમ્યાન આક્ષેપો અંગે લખવામાં આવે છે તે વાત સાચી કે ખોટી? તેના જવાબમાં સાહેદ જણાવે છે કે,-એ વાત સાચી છે. એ વાત ખરી છે કે આરોપી સામે હેડ કર્વાટર છોડવા સંર્દભેના એકમાત આક્ષેપ સિવાય બીજા કો આક્ષેપ નથી. દસ્ખાસ્ત આરોપીની મોકલેલ હતી. સદર સાહેદને પ્રશ્ન સ્વરૂપે સવાલ પુછેલ કે- આરોપીને દરખાસ્તના ડી. ડી. ઓ શ્રીના ઠરાવ વગર તમોએ તેમને ડીસમીસ કરેલ છે ? તેના જવાબમાં સાહેદ જણાવે છે કે,- ડી. ડી. ઓ શ્રી જણાવે નહી તો, અમે નીર્ણય લઈ શકીએ તેવી નોર્મસ છે, વકીલશ્રીએ જણાવેલ. એ વાત તેઓની જાણમાં નથી કે, ટ્રસ્ટ ધ્વારા નામદાર ગુજરાત હાઈકોર્ટમાં સ્પે. સીવીલ એપ્લીકેશન નંબર ૧૨૪૦૩/૨૦૨૦ ની કરેલ હતી. એ વાતની તેને ખબર નથી કે, ડી. ડી.. ઓશ્રીએ ટ્રસ્ટની જવાબદારી નોકરી સંર્દભે થશે તે અંગે તા.૨/૭/૧૪, ૮/૮/૧૪ ના લેખીત પતથી જણાવેલ. એ વાતની તેને જાણ નથી કે, આરોપીને જે ડીસમીસ કરવામાં આવેલા તે અંગે તેઓએ ગુજરાત હાઈકોર્ટમાં સ્પે. સીવીલ એપ્લીકેશન નં.૪૧૮૧/૧૪ નો કરેલ હતો સાહેદ જણાવે છે કે કેસ તેઓના સેક્રેટરી સંભાળતા હતા. એ વાત ખરી છે કે આ ગુનાના કામે તેઓએ સોપ્રથમ ૩/૪/૧૪ ના રોજ અરજી કરેલ હતી. એ વાત ખરી છે કે આંક- ૪૪ વાળી પ્રથમ અરજીમાં સાયકલ ખરીદી અંગે તથા

રામ સેલ્સમાં ખરીદી કરેલ તે અંગેની હકીકતો જણાવેલ નથી સાહેદ જણાવે છે કે ૨ માસ બાદ ફરીયાદ દાખલ કરેલ. એ વાત ખરી છે કે આંક – ૪૪ વાળી અરજીમાં ભાવસીંગભાઈને ભાલબેનએ કહેલ કે આવડી મોટી સાયકલની ખરીદી હોઈ સંસ્થા માટે ડોનેશન પેટે અમોને એક કોમ્પ્યુટરની જરૂર હોઈ આપો સાહેદ જણાવે છે કે ફરીયાદમાં હકીકત તમામ જણાવેલ છે. વધુમાં આંક ૪૪ વાળી અરજી ટાઈપ કરાવવા કોણ ગયેલ તે યાદ નથી સાહેદ જણાવે છે કે પટ્ટવાળા કે કલાર્ક કોણ ગયેલ હોઈ તે યાદ નથી. આંક – ૪૪ વાળી અરજી તેઓએ કહેલ તે મુજબ તેના કલાર્કએ લખેલ છે. આંક ૪૧ જોઈને જણાવે છે કે, તે ફરજ મુકત અંગેનો કાગળ છે સાહેદ વધુમાં વાંચીને જણાવે છે કે કોમ્પ્યુટર અંગેનો કાગળ છે. આંક – ૪૧ વાળા લેટરમાં હર્ષાબેન ખરીદી કરતા હોઈ તેવુ સ્પષ્ટ હકીકતો જણાવેલ નથી સાહેદ જણાવે છે કે ખરીદી હર્ષાબેન કરતા હતા. એ વાત ખરી છે કે હર્ષાબેનએ ભાવસીંગભાઈને કહેલ કોઈ કે આટલી મોટી સંસ્થા છે કે એક કોમ્પ્યુટર આપો તેવી હકીકત જણાવેલ નથી.સદર સાહેદને પ્રશ્ન સ્વરૂપે સવાલ પુછેલ કે– તા.૬/૫/૧૪ ના રોજ મે સરતપાસમાં જણાવેલ ફરીયાદ હતી તે અમારી પુછપરછ હતી, ફરીયાદ ના હતી ? તેના જવાબમાં સાહેદ જણાવે છે કે,– પુછપછ અમારી હતી, ફરીયાદ ના હતી. વધુમાં જણાવે છે કે, સંસ્થાનુ દર વર્ષે ઓડીટ થાઈ છે. તેઓની સંસ્થાનુ ૨૦૧૦ થી ૨૦૧૪ ના વર્ષનું ઓડીટ થયેલ. એ વાત ખરી છે કે દર વર્ષના ઓડીટમાં ડોનેશન અને ખરીદી અલગ–અલગ દર્શાવેલ હોઈ છે. એ વાત ખરી છે કે ફરીયાદની સાથે તેઓએ ડોનેશન અંગેના કોઈ અહેવાલ ૨૦૧૦ થી ૨૦૧૪ ના રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે મે તપાસમાં પણ ૨૦૧૦ થી ૨૦૧૪ ના ડોનેશન અંગેના કોઈ અહેવાલ રજુ કરેલ નથી સાહેદ જણાવે છે કે તેઓએ માંગેલ નથી અને જેથી તેમણે રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે તા.૨૧/૯/૨૧ ના રોજ મે જરૂરી દસ્તાવેજો લાવેલ ના હોઈ જેથી મુદત માંગેલ."

(૭.૩) ત્યારબાદ ફરીયાદ પક્ષે આંક–૫૧ થી સાહેદ નીતીનભાઈ નારણભાઈ ગોરજીયાનાઓને તપાસેલા છે. તેઓ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, '' બનાવ છે તે ૨૦૧૦ ની સાલમાં ભાવનગર બનેલ હતો. બનાવમાં એવુ છે કે, રામ સાયકલ સ્ટોર વાળા તરફથી દીકરીઓને પ્રોત્સાહન રૂપે સરકાર તરફથી સાયકલ આપે, ત્યારે આ બનાવ બનેલ હતો. બનાવમાં સાયકલવાળાએ સ્કુલને એક કોમ્પ્યુટર સેટ ભેટમાં આપેલ હતો. તેમણે તે પૈસા બેનની હાજરીમાં મહાવીર એન્ટરપ્રાઈઝ વીરભદ્ર અખાડા ડોન ચોક ભાવનગર, બેનની હાજરીમાં રૂપીયા ૨૦૦૦૦/– સાયકલવાળાએ ચુકવ્યા હતા. પછી ૨૭/૧ ના રોજ ચેક આપી પૈસા, એટલે કે સંસ્થાનો ચેક આપેલ અને પૈસા રોકડા વીસ હજાર લીધેલ હતા, હર્ષાબેન ભાલ કન્યા વિધાલયના પ્રીન્સીપાલ હતા. બેનને ખબર જ હતી કે ભાવસીંગભાઈએ મહાવીર એન્ટરપ્રાઈઝને પૈસા આપી દીધા જ છે, અને કોમ્પ્યુટર સેટ લીધેલ હતો. તે પૈસા હર્ષાબેનએ પહોંચ તારીખ ૧૭/૬ એ પહોંચ ફડાવી સંસ્થાની બે પહોચ ફડાવેલ હતી, પહોંચ નંબર ૧૭૮ અને ૧૭૯ ની હતી. તે રૂપીયા ૧૦,૦૦૦/– ની એવી ૨ પહોંચ હતી. ૧૯/૧ ના લીધેલા તે તારીખ ૧૭/૬ એ પરત કરેલા હતા. પછી હર્ષાબેનને ચાર્જશીટ સંસ્થાને આપેલ. પછી શો કોઝનો જવાબ બેનનો આવેલ. બેનએ કહેલ કે મને સેક્રેટરી નીતીનભાઈ એટલે કે તેઓ, તે પૈસા હાથ ઉપર રાખવાની સુચના આપેલ હતી. તેને ૧૧ માં મહીનામાં બીજા સીનીયર સેક્રેટરીએ પુછેલ કે, તમે આવી કોઈ સુચના આપેલ, તો તેણે તેમને ૧૨ માં મહીનામાં જવાબ આપેલ કે તેણે આવી કોઈ સુચના લેખીતમાં કે મૌખીકમાં બેનને આપેલ નથી. બેનએ તેની પ્રત્યેના કોઈ પુર્વગ્રહથી લખાવેલ હોવાનું

જણાવી હર્ષાબેન કોર્ટમાં હોય હોય તેને ઓળખી બતાવે છે. વધુમાં સાહેદને એક પત્ર બતવાવામાં આવે છે, તે જોઈને કહે છે કે, તેને જે પત્ર લખેલ તેનો જવાબ છે, તે ૨/૧ ૨ નો છે, અને સેક્રેટરી સીનીયરને સંબોધીને લખેલ છે. તે પાલીતાણા એજ્યુકેશન સોસાયટી પાલીતાણાને સંબંધીને લખેલ છે. તેમાં વિષય સેક્રેટરી સાહેબએ સુચના આપેલ તે બેનએ કહેલ તે અંગેનો પત્રનો લેખીતનો જવાબ છે, જેમાં નીચે તેમની સહી છે, જે ખરીનકલ છે, આરોપી તરફે વકીલશ્રીએ વાંધો છે, પ્રાથમીક પુરાવાથી સાબીત કરવાનો રહેશે અને અપવાદ અને ગોણ પુરાવો જે સંજોગોમાં આપી શકાય તે ધ્યાને લેવાની શરનતે કોર્ટ ધ્વારા આંક – પર આપવામાં આવે છે.''

જયારે બચાવ પક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં સાહેદ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, " ૨૦૧૪ ની સાલમાં પાલીતાણા જી. ઈ.બી. માં ફરજ બજાવતો હતો. ૧૯૭૮ થી ૨૦૧૪ સુધી જી. ઈ. બી. માં ફરજ બજાવતો હતો. પાલીતાણા સિવાય બહાર તેઓએ તે વખતે ૧ વર્ષ નોકરી કરેલી હતી. એ વાત ખરી છે કે આવી કોઈ ફરજ દરમ્યાન તેણે કોઈ સસ્પેનશન પીરીયડ ભોગવેલ હોઈ તેવુ બનેલ નથી. નોકરીનો સમય તેઓનો ૧૧ થી ૫:૩૦ વાગ્યા સુધીનો હતો. એ વાત ખરી છે કે નોકરીના સમય દરમ્યાન ટ્રસ્ટની શું એકટીવીટી હોઈ તે તેને ખબર ના હોઈ સાહેદ જણાવે છે કે તેઓ રીશેષમાં જતા. તેઓ અગાઉ જી. ઈ. બી. માં નોકરીએ જતા હતા તે અંગેની હકીકત તેઓએ અગાઉ કયારેય જાહેર કરેલ નથી. સેકટરી તરીકે ૨૦૦૯ થી ૨૦૧૩ સુધી ફરજ બજાવતા હતાં. સદર સાહેદને પ્રશ્ન સ્વરૂપે સવાલ પુછેલ કે– પુછપરછ કરેલી ત્યારે તમોએ સેક્રેટરી તરીકેના કાગળો પોલીસ સમક્ષ રજુ કરેલા ? તેના જવાબમાં સાહેદ જણાવે છે કે,– ત્યારે હુ સેક્રેટરી હતો. તેઓએ કોઈ સેક્રેટરી તરીકેના આધાર પોલીસને આપેલા નથી સાહેદ જણાવે છે કે પોલીસે માંગેલ નથી. તેઓએ સામેથી સેક્રેટરી તરીકેનો કોઈ આધાર પોલીસને રજુ કરેલ નથી. ફરીયાદ બાદ પ્રથમ વખત પુછપરછ ૨૦૧૪ માં મે (માસ) માં કરવામાં આવેલ હતી. સંસ્થાની ફરીયાદ કંઈ તારીખે જાહેર થયેલ તે જાણો છો તેના જવાબમાં સાહેદ જણાવે છે કે, ૨૦૧૦ ની સાલમાં થયેલ તે જાણુ છુ. તેઓની ૨ (બે) વખત પુછપરછ થયેલ હતી. સદર સાહેદને પ્રશ્ન સ્વરૂપે સવાલ પુછેલ કે– હર્ષાબેનની ફરીયાદ આપ્યા બાદ તમોની એક જ વખત પુછપરછ થયેલી છે ? તેના જવાબમાં સાહેદ જણાવે છે કે,– મારી ૨ (બે) વખત પુછપરછ થયેલી છે. સરકારમાં ગ્રાન્ટ છે તે સ્કુલના નામની આવે. એમ. એમ. કન્યા વિદ્યાલયના નામની ગ્રાંન્ટ આવે. એ વાત ખરી છે કે જે સંસ્થામાંથી પેમેન્ટ કરવામાં આવે તે ચેકથી કરવામાં આવે. એ વાત ખરી છે કે એમ. એમ. કન્યા વિદ્યાલયનુ બેંક એકાઉન્ટ છે તે એસ.બી. આઈ. પાલીતાણા દરબારગઢ ખાતાનુ છે. સદર સાહેદને પ્રશ્ન સ્વરૂપે સવાલ પુછેલ કે– એમ. એમ. કન્યા વિદ્યાલયના બેંક ખાતામાં એસ. બી. આઈમાં ચેકમાં સેક્રેટરી તરીકે કોણ સહી કરતુ હતુ ? તેના જવાબમાં સાહેદ જણાવે છે કે,– ૨ (બે) સેક્રેટરીમાંથી જે હાજર હોઈ તે સહી કરતુ. તેઓના સિવાય બીજુ મીલનભાઈ રાઠોડ સેક્રેટરી હતા. એ વાત ખરી છે કે એમ. એમ. કન્યા વિદ્યાલયમાં સેક્રેટરી તરીકે એસ. બી. આઈ ના એકાઉન્ટમાં સહી તેઓની ચાલતી હતી. એ વાત ખરી છે કે સંસ્થાની અંદર કોઈપણ વ્યકિત પૈસા જમા કરાવે તો તે વ્યક્તિના નામની પહોંચ આપવામાં આવે છે. એ વાતનો તેને ખ્યાલ નથી કે કોઈ વ્યકિત પૈસા જમા કરાવે તો તેને નાંણા આપનારની સહી લેવામાં આવે. તેણે ૨૦૦૯ થી ૨૦૧૩ સુધીના સમયગાળામાં સંસ્થા વતી પૈસા સ્વીકાર્યા સંબંધેની કોઈ પહોંચ આપેલ નથી. પહોંચ ફાડતી વખતે તેઓ હાજર ના હતા. સરકાર તરફથી ગ્રાંન્ટ આપવામાં આવતી હોઈ તેના નાંણા કયાં ખાતામાં

જમા થાઈ તે તેને ખબર નથી. રામ સાયકલને ઓર્ડર સંસ્થા કે સરકાર ધ્વારા આપવામાં આવેલ તે તેને ખ્યાલ નથી. રામ સાયકલ ધ્વારા જે પેમેન્ટ કરવામાં આવેલ તે સરકાર ધ્વારા કરવામાં આવેલુ. એ વાત ખરી છે કે સાયકલ ખરીદીની કામગીરી, ઓર્ડર અને પેમેન્ટની કામગીરી વખતે તેઓ હાજર ના હતા.''

(૭.૪) ત્યારબાદ ફરીયાદ પક્ષે આંક-૫૪ થી સાહેદ પરસોતમભાઇ ભાયાભાઇ નાવડીયાનાઓને તપાસેલા છે. તેઓ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, '' બનાવ સમયે તેઓ એકજયુકેશનમાં ચેરમેન હતા. તે સમયે તેઓ નગરપાલીકામાં નોકરી કરતા હતા. તે સમયે હર્ષાબેનને કમીટી બોલાવીને સસ્પેન્ડ કરેલ હતા. તે વખતે તેઓએ તેમાં સહીઓ કરેલ હતી. પસ્તમાં કોંભાડ કરેલ હતુ અને તેઓ નીયમીત હાજર રહેતા ના હતા. તે સમયે તેઓના જે ખુલાસા હતા, છોકરીઓના સાયકલ આપવાની હોઈ તેમાં તેઓએ તેને કહેલ કે આપણને કાંઈક સ્કુલમાં એવુ કરો, અને કોમપ્યુટર અપાવો તેવુ તેણે કહેલ અને તેઓએ કહેલ કે આપણે કહીએ, તેથી તેઓએ કહેલ કે કોમ્પ્યુટર અપાવુ. પછી તેઓએ કોમ્પ્યુટરનુ બીલ રજુ કરેલ હતુ. સાયકલવાળા ભાવનગર હતા ત્યાં તેઓ રૂબરૂ ગયેલ અને તેઓએ કહેલ કે અમે બીલ આપેલ નથી અમે તો એમ નેમ આપેલ છે. અમે ભેટ આપેલ છે, પાછળથી તેઓએ ૨૦ હજારનુ બીલ ગમે ત્યાંથી લાવીને મુકી દીધેલ. એટલે તેઓએ કહેલ કે એજયુકેશનની કમીટીમાં આ લ્યો, તો પાસ થાશે નહી તો નહી થાઈ. કમીટીવાળા બધાએ કહેલ કે આવુ ના કરાય, આને સસ્પેન્ડ કરાઈ. પ્રમુખ, ઉપપ્રમુખએ કાગળીયા કરીને સહીઓ લઈ લીધેલ. પછી સસ્પેન્ડના કાગળા બજાવવા ગયેલ ત્યારે તેઓએ લીધેલ નહી અને તેઓએ કહેલ કે રોજકામ કરીને કાગળીયા બજવજો. પછી રોજકામ કરીને કાગળીયા બજવેલ, પછી તેઓએ લીધેલ નહી અને હર્ષાબેન કોર્ટમાં ગયેલ હતા. સસ્પેન્ડના કાગળીયામાં ચાર્જ સોંપવો પડે તેથી તેઓએ તેઓને કહેલ કે ક્રમ પ્રમાણે સીનીયોરીટી આવતી હોઈ તેને ચાર્જ સોંપો. કોઈ ચાર્જ લેવા તૈયાર ના હતા, ૫ માં ક્રમવાળાએ હા પાડી. પોલીસે તેઓનું નીવેદન લીધેલ હોવાનું જણાવે છે.”

જયારે બચાવ પક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં સાહેદ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, " બનાવ વખતે તેઓ નગરપાલીકામાં ફરજ બજાવતા હતા. બનાવ ક્યારે બનેલ તે ખબર નથી. તેઓ નગરપાલીકામાં ૧૯૮૮ થી ફરજ બજાવતા હતા. તેઓએ ૧૯૮૮ થી ૨૦૨૧ સુધી ફરજ બજાવેલ છે. નગરપાલીકાનો ફરજનો સમય ૨૪ કલાકનો હતો. એકજ્યુકેશન ચેરમેન અંગે તેને કોઈ લેટર કે ટ્રસ્ટની નીમણુક લેખીતમાં આપેલ નથી. એ વાત ખરી છે કે નગરપાલીકાના સમય દરમ્યાન ફરજ બજાવતો હોઈ તે સમયે તેને એજ્યુકેશન સોસાયટીની કામગીરીમાં શુ હોઈ તે માહિતી અંગત ના હોઈ સાહેદ જણાવે છે કે ખાનગીમાં હોઈ અને તેઓ રાઉન્ડ મારતા હોઈ. તેઓની કોઈ લેખીતમાં કોઈ સહીઓ લીધેલ હોઈ તેવુ નથી. એ વાત ખરી છે કે હર્ષાબેનએ કોમ્પ્યુરનુ બીલ હર્ષાબેનએ રજુ કરેલ તેવુ તેણે પોલીસને જણાવેલ નહી. એ વાત ખરી છે કે ભાવનગર સાયકલવાળાને ત્યાં ગયેલા તેવું તેણે પોલીસ /રૂબરૂ નીવેદનમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે, હર્ષાબેન પાછળથી બીલ ગમે ત્યાંથી લાવેલા અને મુકેલ તેવી કોઈ હકીકત નીવેદનમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે હર્ષાબેનને ચાર્જશીટ વિના સસ્પેન્ડ કરેલ છે. તેઓએ આરોપી હર્ષાબેન સામે કોઈ પ્રીલીમીનરી ચાર્જ મુકેલ ના હતો અને તે અંગેની કાર્યવાહી કરેલ નથી. એ વાતની તેને ખબર નથી કે, આરોપી હર્ષાબેન જીલ્લા શીક્ષણ અધીકારી ભાવનગર ખાતે કાર્યવાહી

કરેલ સાહેદ જણાવે છે કે તેઓએ વાલ્વનું ઓપરેશન કરાવેલ, હવે જણાવે છે કે, તેઓએ કાર્યવાહી કરેલી. એ વાત ખરી છે કે સંસ્થા તથા હર્ષાબેન બંન્નેને જીલ્લા શીક્ષણ અધીકારીએ સાંભળેલ હતા. એ વાત તેને ખબર નથી કે જીલ્લા શીક્ષણ અધીકારીએ તેવુ ઠરાવેલ કે ટ્રસ્ટ યોગ્ય કાર્યવાહી કરેલ નથી."

(૭.૫) ત્યારબાદ ફરીયાદ પક્ષે આંક–૫૫ થી સાહેદ ભાવીનભાઇ નાથાભાઇ પારેખનાઓને તપાસેલા છે. તેઓ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, '' તેઓ બનાવ અંગે વિશેષ જાણતા નથી, પરંતુ તેને ફોન આવેલ હતો, તમારા સાક્ષી સમન્સ છે હાજર રહેજો. તેણે કોમ્પ્યુટરનુ વેચાણ કરેલ હતુ, તે કોમ્પ્યુટર તેણે સંસ્થાને વેચાણ કરેલ હતુ. તે બાબતે તેણે વાત કરેલ, અમો તમોને ચેક આપીએ, જે પૈસા પાસ થાઈ પછી અમો તેઓએ રોકડા પૈસા આપી દીધેલ. ચેક છે તે ટ્રસ્ટી અને જેને ગીફ્ટ આપવાની હતો તે ભાઈને આપવાના હતા, રામ સાયકલ સ્ટોરમાંથી કોઈ વ્યકિત હતુ, તેનુ નામ લગભગ રામસીંગભાઈ હતુ." સદર સાહેદ ફરીયાદ પક્ષના કેસને સમર્થનકારી પુરાવો આપતા ન હોય, એ. પી. પી. શ્રી ધ્વારા તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કરી ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપવા છતાં પોતાના નિવેદનની હકીકતનો ઈન્કાર કરેલ છે. જયારે બચાવ પક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં સાહેદ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, " એ વાત ખરી છે કે પોલીસ આવેલ ત્યારે સંસ્થા અંગે પુછેલ, નામ, ઠામ, સરનામુ પુછેલ બીજુ કશુ પુછેલ નહી અને તેણે લખાવેલ નહી. એ વાત ખરી છે કે કેસ અંગે હાલ તેઓ કાંઈ જાણતો નથી. એ વાત ખરી છે કે હાલનો કેસ શેનો છે અને શુ બાબત છે તે તેને ખબર નથી."

(૭.૬) ત્યારબાદ ફરીયાદ પક્ષે આંક–૫૬ થી સાહેદ ભાવસીંગભાઇ નથુભાઈ ગોહીલનાઓને તપાસેલા છે. તેઓ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, '' બનાવ છે તે ૨૦૦૯ થી ૨૦૧૦ માં બનેલ હતો. બનાવમાં કાંઈ બનેલ ના હતું, બનાવ સમયે તેઓ સાયકલ રીપેરીંગનો ધંધો ભાવનગર મુકામે કરતા હતા. ૨૦૦૯ તેણે સંસ્થાને ૪૫ સાયકલ એમ. એમ. કલ્યાણ વિદ્યાલય પાલીતાણાને વેચાણ આપેલ હતી. ૨૦૧૦ માં ૧૦૦ સાયકલ ગર્વમેન્ટએ ફાળવેલ હતી. તે સમયે મેડમ આચાર્ય હર્ષાબેન ભાલએ કહેલ કે તમારે કાંઈ સંસ્થાને આપવુ હોઈ તો, શીક્ષણ છે કે શુ જરૂરીયાત છે તે કહો. પછી તેને બેનએ કહેલ કે, કોમ્પ્યુટરનો સેટ દીકરીઓ માટે આપો તો સારૂ. પછી કોમ્પ્યુટરનો સેટ હર્ષાબેન ભાલની હસ્તક ભાવનગરથી લઈને આપેલ હતો. પછી તેણે ૨૦ હજારનુ બીલ સંસ્થાને હેન્ડ ઓવર કરેલ હતુ. પછી તેને શુ થયેલ તેનો ખ્યાલ નથી. પોલીસ પુછપરછ કરવા આવેલી હતી. પોલીસે તેને સંસ્થાએ કેસ કરેલ તે અંગે જણાવેલ. સાહેદને ચાર્જશીટમાંથી પેઈજ નં. ૧૨૧ વાળો પત્ર બતાવવામાં આવે છે તે પત્ર તેઓના અક્ષરમાં છે, જે પત્રમાં સંસ્થાએ તેઓની પાસેથી કોમ્પ્યુટર પેટેની રકમ કેવી રીતે આપેલી તે અંગેનો ખુલાસો માંગતો લેટર છે, તેનો તેણે જવાબ આપેલ, પેઈજ નં. ૧૨૧ ઉપર છે, જે તેઓના હસ્તાક્ષર તથા સાયકલ સ્ટોરનો સીકકો છે, જે રજુ દાખલ આંક– ૫૭ થી રજુ છે. સાહેદને પેઈજ નં. ૧૨૫ છે

તે બતાવવામાં આવે છે તે પત્રમાં તેઓની સહી છે અને તેઓએ લખેલ છે, જે રજુ દાખલ આંક – ૫૮ થી રજુ છે. સંસ્થામાંથી બે લેટર આવેલ અને બીજા લેટરનો આ ખુલાસો છે. તા.૩૧/૮/૧૦ ના રોજનુ ભાવનગર મુકામે નોટરી એફીડેવીટ છે, તે હર્ષાબેન ભાલએ તેઓની પાસે કરાવેલ હતુ, કે મને કરી આપો આ નોકરી મારી બચી જાઈ, જે સોગંદનામામાં તેઓની સહી છે. જે આંક – ૫૯ થી રજુ છે. તેઓ હર્ષાબેન આરોપીને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવે છે. ''

જયારે બચાવ પક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં સાહેદ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, " એ વાત ખરી છે કે સરતપાસ જણાવ્યા સિવાય બીજી કોઈ હકીકત તેને ખબર નથી અને જાણતો નથી. તેના કહેવા મુજબ જે વ્યવહારો સાયકલ અંગેના થયેલા તે સને ૨૦૧૦ ની સાલમાં થયેલા હતા. તેને બનાવ ૨૦૧૦ ની સાયકલને અંગેની પુછપરછ કરેલ તેનો બહુ આઈડીયા નથી, તેન પુછપરછ પોલીસે ૨૦૧૦૩–૧૪ માં કરેલ હશે. તેની પુછપરછ ભાવનગર કરેલી હતી. તેન પુછપરછ ૨ (બે) વખત ભાવનગર થયેલી હતી. તેન પુછપરછ પાલીતાણા ખાતે થયેલ હોઈ તેવુ બનેલ નહી. એ વાત ખરી છે કે ૨૦૧૦ ની સાલમાં કોમ્પ્યુટરની રકમ સંદભે સોગંદનામુ કરેલ હતુ. કોર્ટ નોંધ :–આરોપી વકીલશ્રી જણાવે છે કે આ દસ્તાવેજ તેઓ એડમીટ કરે છે, અને સ્વીકૃત છે અને આંકે પડેલ હોઈ વંચાણે લેવો. એ વાત ખરી છે કે નોટરી વાળો દસ્તાવેજ તેણે વાંચીને સહી કરેલી અને નોરટાઈઝડ કરાવેલ હતો. એ વાત ખરી છે કે તેણે પોલીસને તપાસમાં /પુછપરછમાં હર્ષાબેન ભાલએ તેને જણાવેલ હોઈ કે મારી નોકરી બચે તેથી તમો સોગંદનામુ કરી આપો તેવુ જણાવેલ નથી. મીલનભાઈ કનુભાઈ રાઠોડનાઓ પાલીતાણા એજયુકેશન સોસાયટીના સેક્રેટરી તરીકે ફરજ બજાવે છે. એ વાત ખરી છે કે તેઓ અને મીલનભાઈ બંન્ને એક જ જ્ઞાતીના છીએ. મીલનભાઈને ૧૦ થી ૧૧ વર્ષથી પરીચીત છે. એ વાત ખરી છે કે જે બે પત્ર આંક ૫૭ તથા આંક ૫૮ વાળા પત્ર છે તે મીલનભાઈને સંબોધીને તેઓએ લખેલા છે."

(૭.૭) ત્યારબાદ ફરીયાદ પક્ષે આંક–૬૦ થી સાહેદ મીલનભાઈ કનુભાઈ રાઠોડનાઓને તપાસેલા છે. તેઓ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, '' તેઓ બનાવ ૨૦૧૦ ની સાલમાં બનેલ હતો. બનાવ વખતે તેને ચા ની દુકાન હતી. તે ભૈરવનાથ ચોકમાં દુકાન હતી. તેઓ સેક્રેટરી તરીકે એમ. એમ. કન્યા વિદ્યાલતમાં સેવા બજાવતા હતા. બનાવની વિગત મુજબ જે સરકારી સહાયમાં સાયકલ મળે જે વિદ્યાર્થીને મળે, તે સાયકલ ભાવનગર રામ સાયકલ સ્ટોરમાંથી રામસીંગભાઈ ગોહીલ પાસેથી સ્કુલે ખરીદ કરેલ હતી. પછી સ્કુલને રામ સાયકલવાળાએ કોમ્પ્યુટર ગીફટમાં આપેલ. ત્યારપછી સ્કુલના આચાર્યએ તે કોમ્પ્યુટર ગ્રાંન્ટમાંથી દર્શાવેલ હતુ. તે વખતે આચાર્ય હર્ષાબેન ભાલ હતા. પછી થોડાક સમય બાદ આ બાબતની જાણ થયેલ. કમીટી મેમ્બરો, પ્રમુખ, સેક્રેટરી બધા ભેગા થયા, પછી રામ સાયકલમાં ખરાઈ કરી, પછી સાચી ખબર પડેલ કે આ કોમ્પ્યુટર ગીફટમાં મળેલ છે અને સરકારી સ્કુલની ગ્રાન્ટમાંથી તેની રકમ ઉઠાવેલ છે. તે રકમ રૂપીયા ૨૦ હજારની હતી. પછી રામસીગભાઈનુ નીવેદન લીધેલ. પછી તેઓએ કેસ કરેલ, કેસ પો. સ્ટે. માં મયુરસિંહ પ્રમુખએ કરેલ હોવાનું જણાવી પોલીસે તેઓનું નીવેદન લીધેલ હોવાનું જણાવી હર્ષાબેનને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવે છે. વધુમાં સદર સાહેદને તારીખ ૨૪/૧૧/૧૦ ના રોજનો પત્ર બતાવવામાં આવે છે, જે પત્ર નીતીનભાઈ ગોરજીયાને સંબોધીને પત્ર લખેલ, જેમાં વિષય શાળાને મળેલ ભેટ કોમ્પ્યુટર અંગેનો હતો, જેમાં નીચે તેની સહી તથા તેનો

સ્ટેમ્પ છે. જે ભારતીયા પુરાવા અધીનીયમ મુજબ સાબીત કરવાની શરતે આંકે પાડવામાં આવે છે. જે રજુ દાખલ આંક –૬૧ થી રજુ છે. ત્યારબાદ સાહેદને તા.૨૪/૧૧/૧૦ નો પત્ર પરસોતમભાઈ નાવડીયા ચેરમેનને સંબોધીને તેણે લખેલ જે વિષય શાળાને મળેલ ભેટ કોમ્પ્યુટરની મળેલ રકમ અંગેનો હતો, જેમાં તેઓની સહી છે, તથા સીકકો છે. ત્યારબાદ તારીખ ૨/૮/૧૦ ના રોજનો પત્ર જે તેઓએ રામ સાયકલ સ્ટોરના માલિક ભાવસંગભાઈને સંબોધીને લખેલ જે બાબત તેઓની સંસ્થાને આપવામાં આવેલ ૨૦૦૦૦/– ના ડોનેશન બાબતનો પત્ર છે. જેમાં આભાર માનતો પત્ર છે જેમાં નીચે સહી તથા સીકકો તેઓનો છે. ત્યારબાદ તા.૨૯/૧૦/૧૦ ના રોજનો પત્ર રામ સાયકલ ભાવસીંગભાઈ ગોહીલને ઉદેશીને લખેલ પત્ર જે કોમ્પ્યુટર કંઈ રીતે આપેલ તે અંગેનો છે, જેમાં રકમ તથા વિગત રજુ કરેલ છે, જેમાં સહી તથા નીચે સીકકો તેઓ છે. ત્યારબાદ તા.૨૩/૮/૧૦ ના રોજ હર્ષાબેન ભાલને ખુલાસા દર્શક નોટીસ આપેલ જેમાં નીચે તેઓની સહી છે. તારીખ ૬/૯/૧૦ ના રોજ હર્ષાબેન ભાલ તરફથી ખુલાસાદર્શક નોટીસનો જવાબ તેઓને સંબોધીને તેમાં રીસીવ્ડમાં તેની સહી તથા સીકકો છે. ત્યારબાદ રામ સાયકલ અને ઓટો પાર્ટસ તરફથી તેઓને લખેલ પત્રો જેમાં રીસીવ્ડ કરનારમાં તેની સહી છે, જેમાં બાબત ૨/૮/૧૦ ના રોજ પત્ર આવેલ તેનો વિષય તથા જવાબ છે, જે દસ્તાવેજોને ભારતીયા પુરાવા અધીનીયમ મુજબ સાબીત કરવાની શરતે, પ્રાથમીક પુરાવો, અપવાદમાં ગૌણ પુરાવો અને સાબીત કરવાની શરતે આંકે પાડવામાં આવે છે. જે આંક–૬૨ થી ૬૭ સુધી રજુ છે. ''

જયારે બચાવ પક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં સાહેદ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, " બનાવ સમયે પાલીતાણા એજયુકેશન ટ્રસ્ટની ઓફીસ એમ. એમ. કન્યા વિદ્યાલયમાં એક ઓફીસ છે અને ૧૧:૦૦ વાગ્યા બાદ પટેલ બોર્ડીંગમાં તેની ઓફીસ છે. મીટીંગ સમયે ઓફીસે જવાનુ બનતુ હતું. એ વાત ખરી છે કે નીવેદનમાં તે કન્યા વિદ્યાલયમાં સેક્રેટરી ફરજ બજાવતો હતો તેવુ કોઈ હકીકત નથી સાહેદ જણાવે છે કે એજયુકેશન સોસાયટીમાં સેક્રેટરી હતો. એ વાત ખરી છે કે બધા મેમ્બરો ભેગા થયા અને પછી રામ સાયકલમાં ખરાઈ કરી તેવો કોઈ ઉલ્લેખ નીવેદનમાં નથી. એ વાત ખરી છે કે, આ કોમ્પ્યુટર ગીફટમાં મળેલ છે તે અને સરકારી સ્કુલની ગ્રાંન્ટમાંથી તેની રકમ ઉઠાવેલ છે અને તે રકમ રૂપીયા ૨૦૦૦૦/– ની હતી તેવી કોઈ હકીકત તેના નીવેદનમાં નથી. એ વાત ખરી છે કે પછી રામસીંગભાઈનુ નીવેદન લીધેલ તેવી હકીકત તેના પોલીસ રૂબરૂના નીવેદનમાં નથી. એ વાત ખરી છે કે તારીખ ૨૪/૧૧/૧૦ ના પત ની કોઈ હકીકત તેઓએ તેના પોલીસ રૂબરૂના નીવેદનમાં લખાવેલ નથી. એ વાત ખરી છે કે ૨૪/૧૧/૧૦ નો પત્ર પોલીસને આપેલ હોઈ તેવી કોઈ નીવેદનમાં તેણે હકીકત લખાવેલ નથી. એ વાત ખરી છે કે તેઓએ તા.૨૪/૧૧/૧૦ નો પત્ર પોલીસને આપેલ નથી અને પોલીસે તેની પાસે માંગેલ પણ ના હતો. એ વાત ખરી છે કે તારીખ ૨૪/૧૧/૧૦ નો પત્ર પરસોતમભાઈ નાવડીયાને સંબોધીને લખેલ પત્રની કોઈ હકીકત તેઓએ તેના પોલીસ રૂબરૂના નીવેદનમાં લખાવેલ નથી. એ વાત ખરી છે કે તારીખ ૨૪/૧૧/૧૦ ના રોજ પરસોતમભાઈ નાવડીયાને પત્ર પોલીસને તેણે આપેલ નથી. એ વાત ખરી છે કે તારીખ ૨/૮/૧૦ નુ રામ સાયકલ સ્ટોરના માલિક ભાવસંગભાઈને લખેલ ડોનેશન સંબંધેનો પત્રની કોઈ હકીકત તેના પોલીસ રૂબરૂના નીવેદનમાં લખાવેલ નથી. એ વાત ખરી છે કે ૨/૮/૧૦ નો પત્ર તેણે પોલીસને રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે તા.૨૯/૧૦/૧૦ ના પત્રનો પણ કોઈ ઉલ્લેખ તેના પોલીસ રૂબરૂના નીવેદનમાં નથી. એ વાત ખરી

છે કે આ પત્ર તેણે પોલીસને તપાસ દરમ્યાન આપેલ નથી. એ વાત ખરી છે કે તા.૨૩/૮/૧૦ ના રોજ હર્ષાબેન ભાલને ખુલાસા દર્શક નોટીસ આપેલ તે સંબંધેની કોઈ હકીકત તેમજ ૬/૯/૧૦ ના રોજ હર્ષાબેન ભાલ તરફથી ખુલાસા દર્શક નોટીસનો જવાબ આપેલ તેવી કોઈ હકીકત તેણે પોલીસ રૂબરૂ નીવેદનમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે તા.૬/૯/૧૦ ના રોજ જવાબ તથા ૨૩/૮/૧૦ ની નોટીસની કોઈ હકીકત તેઓએ તેમના પોલીસ રૂબરૂ ના નીવેદનમાં તે હકીકત જણાવેલ નથી અને તેઓએ દસ્તાવેજ તે પોલીસને આપેલ નથી. ૨૦૧૦ માં ૨૦૧૨–૨૦૧૩ સુધી મયુરસિંહ સરવૈયા કયારે પ્રમુખનો હોદો સંભાળેલ તે ચોકકસ તુને સાલ યાદ નથી. પાલીતાણા એજયુકેશન સોસાયટીના પ્રમુખશ્રી મહેન્દ્રસિંહ સરવૈયા હતા. મહેન્દ્રસિંહ સરવૈયા સોસાયટીના પ્રમુખ તરીકે હતા. એ વાત ખરી છે કે મયુરસિંહ હઠીસીહ સરવૈયા પ્રમુખ તરીકે આવેલા ત્યારબાદ બનાવની જાણ થયેલી તેવી હકીકત તેઓના નીવેદનમાં છે સાહેદ જણાવે છે કે મહેન્દ્રસિંહ સરવૈયા હતા ત્યારે પણ આ બનાવની તેમને જાણ હતી. મહેન્દ્રસિંહ સરવૈયાએ બનાવની જાણની જાણ હતી તેવી કોઈ હકીકત પોલીસ રૂબરૂ નીવેદનમાં નથી. મહેન્દ્રસિંહ સરવૈયાઅને આરોપી હર્ષાબેનની કોઈ ફરીયાદ કરેલ નથી સાહેદ જણાવે છે કે કમીટીમાં વાત કરેલી. આ ફરીયાદની જાણ કમીટીને દર ૩ મહીને મીટીંગ હોઈ તેમાં થયેલી. સેક્રેટરી દરજજે તેઓએ કોઈ ફરીયાદ હર્ષાબેન ભાલ અંગે કોઈ કરેલ નથી."

(૭.૮) ત્યારબાદ ફરીયાદ પક્ષે આંક–૬૮ થી સાહેદ દીલીપભાઇ કીશોરભાઇ મહેતાનાઓને તપાસેલા છે. તેઓ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, '' તેઓ પાલીતાણા એસ.બી.આઈ બેંકમાં છેલ્લા પાંચેક મહીનાથી ડેપ્યુટી મેનેજર તરીકે નોકરી કરે છે. તેને તા.૨૫/૯/૨૦૧૪ નાં રોજનો અમારા લેટર પેડ ઉપર લખેલ પાલીતાણા ટાઉન પોલીસને સંબોધીને એક પત્ર બતાવવામાં આવે છે જે પત્રમાં તેમની બેંકનો સ્ટેમ્પ તથા અગાઉના શાખા પ્રબંધકની સહી છે જે પત્રમાં કન્યા વિદ્યાલયનાં ખાતામાં તેમનો ચેક નં.૫૬૭૨૦૩ તા.૫/૨/૨૦૧૦ નાં રોજ બેંકમાંથી ડેબીટ થયેલાનું લખાણ છે જે પત્રને રજુ દાખલ આંક–૬૯ આપવામાં આવે છે જે પત્ર સાથે સદર ચેકની ઝેરોક્ષ રજુ છે. તેને તા.૨૭/૧/૨૦૧૦ ના રોજનો છે અને જેના એકાઉન્ટ નં.૫૬૦૧ ૪૦૬૭૯૬૪ નો છે જે ચેક તા.૫/૨/૨૦૧૦ નાં રોજ દેના બેંક પાલીતાણા ખાતેથી કલીયરીંગમાં પાસ થયેલ છે જે ચેકનાં પેઈમાં મહાવીર એન્ટરપ્રાઈજ ભાવનગર ના નામનો હતો અને રૂા.૨૦,૦૦૦/– ની રકમનો હતો. આજરોજ તેઓ અસલ ચેક તેની સાથે નથી લાવ્યા તેનુ કારણ એ છે કે તેઓને કોઈપણ ચેક ૧૦ વર્ષ સુધી રેકર્ડ, રીટેન્શન પોલીસી મુજબ સાચવી રાખવાનો હોય છે, પરંતુ આ ચેક તા.૨૭/૧/૨૦૧૦ નાં રોજનો હોય જેથી રેકોર્ડ ડીસ્ટ્રોઈડ કરેલ છે. ચેક ડીસ્ટ્રોઈડ અંગેનું કોઈ આજરોજ મારી સાથે કોઈ સર્ટીફીકેટ કે પ્રમાણપત્ર લાવેલ નથી. સામાવાળા બચાવ પક્ષને વાંધો હોય, ચેક છે તે ઝેરોક્ષ હોય, જેથી તેને માર્ક–એ આપવામાં આવે છે. ચેક ડીસ્ટ્રોઈડ અંગેનું રેકર્ડ હાલ કયા છે તે ચેક કરીને બતાવી શકે. તેઓ ચેક ડીસ્ટ્રોઈડ થયા અંગેનું સ્પેસીફ કોઈ કાગળ કે કોઈ પ્રમાણ પત્ર રજુ કરી શકે તેમ નહી હોવાનું જણાવે છે. ''

જયારે બચાવ પક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં ફરીયાદી એ હકીકતનો સ્વીકાર કરે છે કે, " એ વાત ખરી છે કે તેઓ એસ.બી.આઈ.બેંકમાં સને–૨૦૧૩ થી ફરજ પર છે. તેઓ તારીખ ૩૦ માર્ચ ૨૦૨૪ થી પાલીતાણા મેઈન બ્રાન્ચમાં ફરજ પર હાજર થયેલ છે. એ વાત ખરી છે કે આંક–૬૯ નો પત્ર કયાં શાખા પ્રબંધકનાં હસ્તાક્ષરનાં હસ્તાક્ષર

છે અને કોની સહી છે તે તેઓ કહી શકે નહીં. એ વાત ખરી છે કે આ અગાઉ તેઓએ પોલીસ સમક્ષ કોઈ નિવેદન આપેલ નથી.''

(૭.૯) ત્યારબાદ ફરીયાદ પક્ષે આંક–૭૪ થી સાહેદ ઉપેન્દ્રભાઈ નવલકીશોરભાઈ દવેનાઓને તપાસેલા છે. તેઓ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, '' બનાવના કેટાલ વર્ષ થયેલ તે તેને ખ્યાલ નથી. તે તા. ૩૧–૧૦–૧૦ માં નિવૃત થયેલ બનાવ બાબતે તેઓ કાંઇ જાણતા નથી. પોલીસે તેનું નિવેદન લીધેલ પરંતુ ઘણો સમય થયેલ હોય હાલ તેને યાદ નહી હોવાની હકીકત જણાવે છે.'' સદર સાહેદ ફરીયાદ પક્ષના કેસને સમર્થનકારી પુરાવો આપતા ન હોય, એ. પી. પી. શ્રી ધ્વારા તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કરી ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપવા છતાં પોતાના નિવેદનની હકીકતનો ઇન્કાર કરેલ છે. જયારે બચાવ પક્ષે ઉલટ તપાસ નથી.

(૭.૧૦) ત્યારબાદ ફરીયાદ પક્ષે આંક–૭૫ થી ત.ક.અધિકારી કાસમભાઈ હબીબભાઈ સાંઘનાઓને તપાસેલા છે. તેઓ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, '' તેઓ સને–૨૦૧૪ ની સાલમાં પાલીતાણા ટાઉન પોલીસ સ્ટેશનમાં પોલીસ સબ ઈન્સ્પેક્ટર તરીકે ફરજ બજાવતા હતાં તે દરમ્યાન ગઈ તા.૫/૪/૨૦૧૪ નાં રોજ બી– અરજી તેઓને તપાસમાં મળતાં આ કામે અરજદાર મયુરસિંહ હઠીસિંહ સરવૈયા તથા લાગતા વળગતાં સ્કુલનાં સ્ટાફનાં કર્મચારી ઓનાં અરજીનાં કામે નિવેદનો લેતાં જેમાં તપાસ દરમ્યાન આઈ.પી.સી કલમ–૪૦૯, ૪૨૦ ગુનો હર્ષાબેન જયંતિભાઈ ભાલ વિરુધ્ધમાં બનતો હોય જેથી આ કામના ફરીયાદી મયુરસિંહ હઠીસિંહ સરવૈયા રે.પાલીતાણા ડેમ વાળાની તેઓની રૂબરૂની આઈ.પી.સી કલમ–૪૦૯,૪૨૦ મુજબની ફરીયાદ લઈ પાલીતાણા ટાઉન પોલીસ સ્ટેશનમાં ઉપર મુજબનો ગુનો રજીસ્ટર કરાવેલ. આ ગુનાનાં કામે લાગતા વળગતાં સાહેદોનાં નિવેદનો લેતાં હર્ષાબેન જયંતિભાઈ ભાલ વિરુધ્ધ આઈ.પી.સી કલમ–૪૦૯,૪૨૦ મુજબ અટક કરવા માટે પુરતા પુરાવા મળી આવતાં બે પંચનાં માણસોની હાજરીમાં ગઈ તા.૨૦/૯/૧૪ નાં રોજ કલાક–૧૫/૩૦ થી ૧૬ /૦૦ સુધીનુ વિગતવારનું પંચો રૂબરૂનું અટક પંચનામું કરી સદરહુ ગુનામાં આગતરા જામીન મેળવેલ હોય રૂા. ૧૦,૦૦૦/– નાં જામીન રજુ કરતાં હોય જેથી રૂા.૧ ૦,૦૦૦/– ના જામીન ઉપર ધોરણ સરની કાર્યવાહી કરી સદરહુ બેનને જામીન ઉપર મુકત કરેલ હતાં. આ કામે તપાસ દરમ્યાન સદરહુ બેન પોતાની ફરજ દરમ્યાન સરકારશ્રીનાં સરકારશ્રી તરફથી મળતી સાયકલોમાં ગેરરીત તથા રેકર્ડમાં ગેરરીતી કરી રૂા.૨૦,૦૦૦/– સાયકલોનો વેચાણ કરી રૂા.૨૦,૦૦૦/– મેળવી અને મહાવીર એન્ટર પ્રાઈજમાંથી તેઓએ કોમ્પ્યુટર લઈ પોતાના ઉપયોગમાં લઈ સ્કુલનાં રેકર્ડનો દુરપયોગ કરી તપાસ દરમ્યાન મળેલ પુરાવાના આધારે ચાર્ઝશીટ કરેલાનું જણાવે છે. વધુમાં તેને આંક–૨૧ વાળુ આરોપીને અટક કર્યા અંગેનું પંચનામુ બતાવવામાં આવે છે તે પંચનામું જોઈને કહુ છુ કે બે

પંચોની હાજરીમાં તેઓનાં જોયા તેમજ લખાવ્યા મુજબનું તૈયાર કરેલ અને તેમાં પંચોની તથા પોતાની સહી ઓળખી બતાવે છે. ''

જયારે બચાવ પક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં ત.ક.અ. એ હકીકતનો સ્વીકાર કરે છે કે, " એ વાત ખરી છે કે આ ગુનામાં સૌપ્રથમ પોલીસ સ્ટેશનમાં જાહેરાત તારીખ–૫/૪/૨૦૧૪ ના રોજ થયેલ. સદર કામનો ગુનો તા.૨૯/૮/૨૦૧૪ નાં રોજ રજીસ્ટર કરવામાં આવેલો. એ વાત ખરી છે કે ફરીયાદ આશરે સાડા ચાર વર્ષ મોડી હતી. એ વાત ખરી છે કે વિલંબ અંગેનો ખુલાસો ફરીયાદીએ તેઓની ફરીયાદમાં કરેલો નથી. સદર સાહેદને પ્રશ્ન સ્વરૂપે સવાલ પુછેલ કે– તા.૬/૫/૨૦૧૪ નાં રોજ આ કામનાં ફરીયાદી મયુરસિંહ હઠીસિંહ સરવૈયાનાએ તમારી રૂબરૂ કોઈ ફરીયાદ જાહેર કરેલ હોય અને તેનાં અનુસંધાને કોઈ ગુનો રજીસ્ટર કરવામાં આવેલ નથી ? તેના જવાબમાં સાહેદ જણાવે છે કે,– તા.૬/૫/૨૦૧૪ નાં રોજ ફરીયાદીનું નિવેદન લીધેલ. જે કોઈ અરજદાર અરજી આપે અને અરજીમાં જણાવ્યા મુજબનાં સાહેદોના નિવેદનો લેતા તપાસ દરમ્યાન ગુનો બનતો હોય તો આ કામે આ કામનાં અરજદારની કાયદેસરની લેખિત ફરીયાદ લઈ અને પોલીસ સ્ટેશનમાં કાયદેસરનો ગુનો દાખલ કરવામાં આવે છે. એ વાત ખરી છે કે તા.૬/૫/૧૪ નાં રોજ કોઈ કોગ્નીજેન્સ ગુનો ખુલતો ન હતો તેથી ફરીયાદ રજીસ્ટરે કરેલ નથી. આંક–૪૪ વાળી ફરીયાદ જોઈને જણાવેલ કે તેમાં સાયકલ ગેરરીતી અંગેની હકિકત જણાવેલ નથી સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે તેમાં રામ સાયકલ એન્ડ ઓટો પાર્ટસ, ઘોઘા રોડ, યોગી સ્મૃતિ કોમ્પલેક્ષ દુકાન નં.૫ ભાવનગર નાં માલીકશ્રી ભાવસિંહભાઈ.એમ. ગોહીલનો ઉલ્લેખ છે.

તેઓ રેકર્ડ જોઈને જણાવે છે કે એ વાત ખરી છે કે સરકાર તરફથી ભેટ આપવામાં આવેલ સાયકલ અંગે થયેલ ગેરરીતી બાબતે કોઈ સરકારી સાહેદનું નિવેદન લેવામાં આવેલ નથી એ વાત ખરી છે કે સાયકલ સંબંધે કોઈ વીદ્યાર્થીનું નિવેદન લેવામાં આવેલ નથી. સદર સાહેદને પ્રશ્ન સ્વરૂપે સવાલ પુછેલ કે– સમગ્ર તપાસ દરમ્યાન હર્ષાબેને સાયકલ વેચાણ કરી રૂા. ૨૦,૦૦૦/– મેળવેલ હોય તેવો કોઈ પુરાવો મળી આવેલ નથી ? તેના જવાબમાં સાહેદ જણાવે છે કે,– નિતીનકુમાર નારણ ભાઈ ગોરજીયાનાં નિવેદનમાં મળી આવેલ. એ વાત ખરી છે કે નીતીનભાઈ નારણભાઈ ગોરજીયાનાં નિવેદનમાં હર્ષાબેને સાયકલ વેચાણ કરેલ હોય તે હકિકત નથી. એ વાત ખરી છે કે એમ. એમ. કન્યા વિદ્યાલયનું ઓડીટ થતુ હતું. એ વાત ખરી છે કે સને–૨૦૧૦ થી સને–૨૦૧૪ દરમ્યાનનાં અમો ધ્વારા એમ.એમ.કન્યા વિદ્યાલયનાં ઓડીટ કે હીસાબ કે અહેવાલ તપાસનાં કામે કબ્જે લીધેલા નથી. એ વાત ખરી છે છે ? કે હુ રેકર્ડ જોઈ રામ સાયકલ સ્ટોરે સાયકલ સંસ્થાને આપેલ હોય તેનુ બીલ આપેલ હોય તેવુ કોઈ બીલ તપાસનાં કામે કબ્જે લીધેલ નથી. એ વાત ખરી છે કે પાલીતાણા એજ્યુકેશન ટ્રસ્ટ ધ્વારા એમ.એમ.કન્યા વિદ્યાલયનું સંચાલન કરવામાં આવતુ હતુ. પાલીતાણા એજયુકેશન ટ્રસ્ટનું ટ્રસ્ટ ડીડ તેઓએ તપાસનાં કામે મેળવેલુ નથી. એ વાત ખરી છે કે ફરીયાદીને ટ્રસ્ટ વતી હાલની ફરીયાદ દાખલ કરવાનો અધિકાર છે કે કેમ એવો કોઈ લખિત આધાર પુરાવો ફરીયાદીએ આપેલ નથી કે તેઓએ તપાસ દરમ્યાન મેળવેલ નથી. એ વાત ખરી છે કે ફરીયાદ લેનાર તેઓ છે અને તપાસ કરનાર પણ તેઓ જ છે. પ્રથમ અરજી તા.૫/૪/૧૪ નાં રોજ મળેલ અને તા.૨૯/૮/૧૪ નાં રોજ ગુનો દાખલ કરાવેલ છે. એ વાત ખરી છે કે આ સમયગાળા દરમ્યાન એ અરજીની તપાસ તેની પાસે રહેલી. એ વાત ખરી છે કે મોટાભાગનાં સાહેદોનાં નિવેદનો ફરીયાદ

રજીસ્ટરે લેતાં પહેલા લીધેલા છે સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે અરજીનાં કામે લીધેલા. એ વાત ખરી છે કે અરજીનાં કામે લીધેલા નિવેદનો મે અને જુલાઈ માસમાં લીધેલા."

(૮) આ આ કામે ઉપરોકત બંને પક્ષકારોની રજુઆતો તથા પુરાવો ફરીયાદપક્ષ દ્વારા રજુ કરવામાં આવેલ છે જે પુરાવા સામે આક્ષેપાયેલ ગુન્હા અંગેની જોગવાઈ ધ્યાને રાખી પુરાવાનું પૃથ્થકરણ કરતાં પ્રથમ આક્ષેપાયેલ ગુનાઓની જોગવાઈ તથા સ્થાપિત સિધ્ધાંત જોઈએ તો,

ભારતીય દંડ સંહીતાની કલમ કલમ-૪૦૫ ગુન્હાહિત વિશ્વાઘાતઃ-"કોઈપણ વ્યકિતને, પોતાને કોઈપણ રીતે કોઈ મિલકત કે મિલકત પરનો અધિકાર સોંપાયો હોય અને મિલકતની ઉચાપત કરે અથવા તેને પોતાના ઉપયોગમાં લઈ લે અથવા એવા ટ્રસ્ટનો અમલ કરવાની પધ્ધતિ દર્શાવતા કાનૂની આદેશનું અથવા એવા ટ્રસ્ટને સ્પર્શતા પોતે કરેલા કોઈ સ્પષ્ટ કે ગર્ભિત કાનૂની કરારના આદેશનું ઉલ્લન કરીને તે મિલકતની અપ્ર માણિકપણે ઉચાપત કરે અથવા તેને પોતાના ઉપયોગમાં લઈ લે અથવા જાણીબૂજીને અન્ય વ્યકિતને તેમ કરવા દે તે ગુન્હાહિત વિશ્વાઘાત કરે છે."

ભારતીય દંડ સંહીતાની કલમ ૪૦૯ નાં મહત્વનાં તત્વો : પ્રથમ તંત્વ મુજબ આરોપી જાહેર નોકર હોય તે જરૂરી છે જયારે આ કલમનું બીજું તત્વ ખુબ જ મુહત્વનું છે જેમાં આરોપીને જાહેર નોકર કે કર્મચારીની હેસીયતમાં કોઈ મીલક્ત સોપેલી હોય કે મીલકત ઉપર અધિકાર મેળવયો હોય તેવું ફરીયાદપક્ષે નિશંકપણે પુરવાર કરવું જરૂરી છે. જયારે આરોપી જાહેર સેવક હોય અને તેઓને જાહેર મીલકત પર કોઈ અધિકાર સોંપવામાં આવ્યો હોય તેટલા માત્રથી આરોપી સામે ગુનો પુરવાર થતો નથી ત્યારબાદ આરોપીએ આવું કૃત્ય કે ઉચાપત તે મીલકત અંગેની તેની હેસીયુતમાં ગુનાહીત વિશ્વાસધાત કરેલ હોવાનું પુરવાર થવું જોઈએ તે મુજબ ગુનાહીત વિશ્વાસધાતનાં તત્વો પ્રમાણે આરોપીએ જાણી બુઝીને ઈરાદાપૂર્વક તેઓને જે મિલકત પર અધિકાર સોંપવામાં આવેલ હોય તે મીલકત તેઓનાં પોતાનાં ઉપયોગમાં બદદાનતથી અથવા જાણી જોઈને લઈ લે તેવું પુરવાર થાય તો ગુનાહીત વિશ્વાસધાત ગણાય.

ભારતીય દંડ સંહીતાની કલમ ૪૧૫ નાં મહત્વનાં તત્વો : જે કોઈ વ્યક્તિ, કોઈ બીજી વ્યક્તિને છેતરીને, તેને કોઈને કંઈ મિલકત આપી દેવા અથવા કંઈ મિલકત કોઈ પાસે રહેવા દેવાની સંમતિ આપવા કપટપૂર્વક અથવા બદદાનતથી લલચાવે અથવા તે બીજી વ્યક્તિ છેતરાઈ ન હોય, અને જે ન કરત તે કરવા અથવા જે કરત તેન કરવા, ઈરાદાપૂર્વક લલચાવે અને જો એવા કૃત્ય અથવા કાર્યલોપથી તે બીજી વ્યક્તિના શરીર, મન, પ્રતિષ્ઠા કે મિલકતને નુકસાન અથવા હાનિ થાય અથવા થવાનો સંભવ હોય, તો તેણે "ઠગાઈ" કરી કહેવાય. સ્પષ્ટીકરણ.– બદદાનતથી હકીકત છુપાવવી તે પણ આ કલમના અર્થમાં છેતરપીંડી

ભારતીય દંડ સંહીતાની કલમ ૪૨૦ નાં મહત્વનાં તત્વો : (૧) આરોપીએ બીજી વ્યક્તિને ઠગી. (૨) તેણે– (ક) કોઈ વ્યક્તિને જે મિલકત તેની પોતાની ન હતી તે સોંપવાનું પ્રલોભન આપ્યું, અથવા (ખ) કોઈ કીમતી જામીનગીરી અથવા તેનો કોઈ ભાગ કરવા, તેમાં ફેરફાર કરવા કે તેનો નાશ કરવા પ્રલોભન આપ્યું. (ગ) જેના પર સહી અને સિક્કો હોય અને જેને કીમતી જામીનગીરીમાં રૂપાંતરિત કરી શકાય તે આપવા પ્રલોભન આપ્યું. (૩) તેણે અપ્રામાણિકતાથી તેમ કર્યું.

ફોજદારી ન્યાયતંત્રનાં સ્થાપિત સિધ્ધાંત મુજબ એવું અનુમાન કરવાનું હોય કે જયારે સાહેદ સોગંદ ઉપર જુબાની આપે છે ત્યારે તેઓ પોતાનાં જ્ઞાન અને માહીતી મુજબ સાચુ જ બોલતાં હોય છે, સિવાય કે તેનાંથી વિરુધ્ધની હકીકતો સાબિત કરવામાં આવે, જયાં સુધી એવી હકીકત સાબિત કરવામાં ના આવે કે સાહેદને ખોટું બોલવા કોઇ કારણ છે ત્યાં સુધી તેમની જુબાની વિશે શંકા કરવા કોઇ કારણ રહેતું નથી. “પુરાવાનું મુલ્યાંકન” શબ્દને પુરાવાનાં કાયદામાં કયાંય વ્યાખ્યાબધ્ધ કરવામાં આવેલ નથી. કે તે માટે કાનુન સમર્થિત કોઈ નિયમ નથી, પુરાવાનું મુલ્યાંકન કેવી રીતે કરવું તે દરેક કેસની હકીકતો અને સંજોગો પર આધારીત હોય છે. ક્રિમીનલ જસ્ટીસ સીસ્ટમમાં સત્ય શું છે તેનો નિર્ણય કરવા માટે ફરીયાદપક્ષ દ્વારા પ્રસ્તુત કરવામાં આવેલ પુરાવાની છણાવટ ઉપર આધાર રહેલ છે, પુરાવાની છણાવટ કેવી રીતે કરવી તે માટેનાં કોઇ ચોકકસ નિયમો ઘડવામાં આવેલા

નથી કારણ કે દરેક કેસની હકીકતો પુરાવો આજુબાજુનાં પરીબળો તે તમામે તમામ હકીકતો ભીન્ન ભીન્ન પ્રકારનાં હોય છે.

પુરાવાનાં મુલ્યાંકનનો આધાર પુરાવાનાં કાયદાની કલમ ૩માં કરવામાં આવેલી સાબિત અને નાસાબિતની વ્યાખ્યા પર આધારીત છે. સાબિત થયેલી હકીકતો કોને કહેવાય તે જોવામાં આવે તો અદાલત સમક્ષ પડેલી બાબતો પરથી એક સામાન્ય સમજદારી ધરાવતી વ્યકિત જે તે સંજોગોમાં જે તે હકીકતનું અસ્તિત્વ હોવાનું માને તો તેવી હકીકત સાબિત થયેલી ગણાય.

ફોજદારી કાર્યવાહીમાં પુરાવાનો બોજો ફરીયાદપક્ષ ઉપર રહે છે. ફરીયાદપક્ષે પોતાની હકીકતો શંકાથી પર રીતે સાબિત કરવાની હોય છે. દીવાની કાર્યવાહીમાં જે રીતે સંભવિતતા દર્શાવવામાં આવતી હોય છે તેવી હકીકત ફોજદારી કાર્યવાહીમાં નથી હોતી. ફોજદારી કાર્યવાહીનાં તમામ તબકકે પુરાવાનો બોજો કયારેય આરોપી ઉપર ખસતો નથી, ફરીયાદપક્ષે માત્ર સંભવિતતા જ દર્શાવવાની હોતી નથી, પરંતુ આરોપી પરનું તહોમત નિઃશંકપણે વ્યાજબી શંકાથી પર પુરવાર કરવાનું રહે છે. ફોજદારી કાર્યવાહીમાં આરોપી જો કોઈ અપવાદો નો લાભ લેવા માંગતા હોય તો પણ તેમણે પુરાવાનાં કાયદાની કલમ ૧૦૫ મુજબ સંભવીતતા દર્શાવવાની રહે છે, આરોપીએ અપવાદ માંહેની હકીકતો શંકાથી પર રીતે સાબિત કરવાની હોતી નથી. તેમજ આ કામે આરોપીનો એવો કોઇ અપવાદ અન્વયેનો બચાવ પણ નથી.

(૯) આમ, ઉપરોકત ચર્ચા કરેલ તમામ પુરાવો તથા તે સાથે ઉપરોકત ચર્ચા કરેલ કાયદાનાં સિધ્ધાંત દયાને લેતાં પ્રસ્થાપિત થયેલ હકીકતો જોઇએ તો,

આંક : ૨૬થી ફરીયાદી મયુરસિંહ હઠીસિંહ સરવૈયાને તપાસવામાં આવેલ છે તેઓ સને ૨૦૧૪થી પાલીતાણા એજયુકેશન સોસાયટીમાં પ્ર મુખ છે અને તેઓ સરતપાસમાં ફરીયાદ હકીકતને સમર્થન આપેલ છે જયારે તેમની ઉલટતપાસમાં આવેલ હકીકતો જોઇએ તો, ફરીયાદીને ફરીયાદમાં કરેલા આક્ષેપો સંબધની માહીતી તેઓ પ્રમુખ થયા ત્યારબાદ રેકર્ડ આધારે

જાણવા મળેલ. જેથી તેઓએ સૌપ્રથમ તા.૦૩/૦૪/૨૦૧૪નાં રોજ આંક : ૪૪વાળી અરજી કરેલ હતી અને તે અરજીમાં સાયકલ ખરીદી અંગે તથા રામ સેલ્સમાં ખરીદી કરેલ તે અંગેની હકીકતો જણાવેલ નથી. આંક : ૪૪વાળી અરજીમાં ભાવસીંગભાઈને આરોપીએ કહેલ કે આવડી મોટી સાયકલની ખરીદી હોય સંસ્થા માટે ડોનેશન પેટે એક કોમ્પ્યુટરની જરૂર હોય આપો તેવી હકીકત જણાવેલ નથી. અને તેમાં આરોપી ખરીદી કરતાં હોય તેવું સ્પષ્ટ હકીકત જણાવેલ નથી. જયારે સંસ્થાનું ૨૦૧૦ થી ૨૦૧૪નાં વર્ષનું ઓડીટ થયેલ અને દર વર્ષનાં ઓડીટમાં ડોનેશન અને ખરીદી અલગ–અલગ દર્શાવેલ હોય છે. પરંતુ ફરીયાદની સાથે ફરીયાદીએ કોઈ ડોનેશન અંગેનો કોઇ અહેવાલ સને ૨૦૧૦ થી ૨૦૧૪નો રજુ કરેલ નથી અને તપાસમાં પણ સને ૨૦૧૦ થી ૨૦૧૪નાં ડોનેશન અંગેનાં કોઈ અહેવાલ રજુ કરેલ નથી. ફરીયાદીની પાલતાણા એજયુકેશન સોસાયટી સંચાલીત એમ.એમ.કન્યા વિધાલયને ચેક દ્વારા પેમેન્ટ કરવાનું હોય તો તે ચેકમાં પાલીતાણા એજયુકેશન સોસાયટીનાં સેક્રેટરીની તથા આચાર્યની સહી હોય છે. જયારે પાલીતાણા એજયુકેશન સોસાયટીમાં કોઇ વ્યકિત દ્વારા રોકડ રકમ જમા કરવામાં આવતી હોય ત્યારે તેમાં તેમની સોસાયટીનાં કલાર્કની સહી હોય છે તે સિવાય બીજા કોઇની સહી લેવામાં આવતી નથી. ફરીયાદીએ તેમની તા.૩/૪/૨૦૧૪ની અરજીમાં તા.૧૭/૬/૨૦૧૦ નાં રોજ રૂા.૧૦,૦૦૦/- તથા તે દિવસે બીજા રૂા.૧૦,૦૦૦/-ની પહોંચ નં.૧૭૮ તથા ૧૭૯થી જમા કરાવેલ છે તેવું દર્શાવેલ છે તે બંને પહોંચ ફરીયાદીને બતાવતાં તે બંને પહોંચોમાં સેક્રેટરી મીલનભાઈની સહી છે તેમજ વલુલ લેનાર તરીકે વી.ટી.વાઘાણીની સહી છે અને પહોંચની અંદર નાણા આપનાર તરીકે શ્રી મહાવીર પાન સેનટર ભાવનગર તથા શ્રી રામ સાયકલ એન્ડ ઓટો પાર્ટસ ભાવનગરઓ તરફથી પૈસા મળેલ છે.

આંક :૫૧થી સાહેદ નીતીનભાઈ નારણભાઈ ગોરજીયા તપાસવામાં આવેલ છે જે બનાવ સમયે પાલીતાણા એજયુકેશનનાં સેક્રેટરી હતાં તેમની ઉલટતપાસમાં પ્રસ્થાપિત હકીકત છે કે સદર સાહેદ અગાઉ જી.ઈ.બી.માં નોકરીએ જતાં તેવી હકીકત કયારે જાહેર કરેલ નથી તેઓ સેક્રેટરી તરીકે ૨૦૦૯ થી ૨૦૧૩ સુધી ફરજ બજાવતાં હતાં. ફરીયાદ બાદ પ્રથમ વખત

૨૦૧૪માં તેમની પુરછપરછ કરવામાં આવેલ હતી. તેમનાં સિવાય બીજા મીલનભાઇ રાઠોડ સેક્રેટરી હતી. એમ.એમ.કન્યા વિધાલયમાં સેક્રેટરી તરીકે એસ.બી.આઈ.નાં એકાઉન્ટમાં સહી સદર સાહેદની ચાલતી. સંસ્થાની અંદર કોઈપણ વ્યકિત પૈસા જમા કરાવે તો તે વ્યકિતનાં નામની પહોંચ આપવામાં આવે છે. સદર સાહેદે ૨૦૦૯ થી ૨૦૧૩ સુધીનાં સમય ગાળામાં સંસ્થા વતી પૈસા સ્વીકાર્ય સંબંધેની કોઈ પહોંચ આપેલ નથી. સદર સાહેદ પહોંચ ફાડતી વખતે હાજર ના હતાં. રામ સાયકલને ઓર્ડર સંસ્થા કે સરકાર દ્વારા આપવામાં આવેલ તેનો ખયાલ નથી. રામ સાયકલ ખરીદીની કામગીરી, ઓર્ડર અને પેમેન્ટની કામગીરી વખતે સદર સાહેદ હાજર નથી. સદરહું સાહેદે સેકટરીશ્રી, પાલીતાણા એક્યુકેશન સોસાયટીનાંને ઉદેશી પત્ર તા.૨/૧૨/૨૦૧૦નાં રોજ પત્ર લખેલ જે આ કામે આંક : પરથી ખરી નકલ રજુ થયેલ છે. તે ગૌણ પુરાવો હોય જે પ્રાથમીક પુરાવાથી સાબિત કરવાની શરતે આંક આપવામાં આવે તે પત્ર પ્રોસીકયુશન તરફથી તેવા અસલ પત્ર બાબતે કોઇ પુર્વધારણા કે તે મળી ન આવવા બાબતે તે રજુ કરવા બાબતે કોઇ તજવીજ કરેલ નથી કે અંગે કોઈ ખુલાસો કરેલ નથી જેથી તેવો આંક : પરનો ગૌણ પુરાવો ભારતીય સાથ્ય અધિનીયમની કલમ ૫૬ થી ૬૦ની જોગવાઈ ધ્યાને લેતાં ફરીયાદપક્ષ તેવો પુરાવો પ્રસ્થાપિત કરવામાં નિષ્ફળ કરેલ હોવાનું માનવાને કારણ રહે છે.

આંક :૫૪થી સાહેદ પરસોતમભાઈ ભાયાભાઇ નાવડીયા નાને તપાસવામાં આવેલ છે જે બનાવ સમયે પાલીતાણા એજયુકેશન સોસાયટીના ચેરમેન હતાં તેમની ઉલટતપાસમાં પ્રસ્થાપિત હકીકત છે કે હર્ષાબેનએ કોમ્પ્યુટરનું બીલ રજુ કરેલ તેવું પોલીસને જણાવેલ નથી અને ભાવનગર સાયકલવાળાને ત્યાં ગયેલા તેવું પોલીસને જણાવેલ નથી અને હર્ષાબેન પાછળથી બીલ ગમે ત્યાંથી લાવેલા અને મુકેલ તેવી કોઇ હકીકત પોલીસને જણાવેલ નથી. આંક : ૫૫થી સાહેદ ભાવીનભાઈ નાથાભાઇ પારેખને તપાસવામાં આવેલ છે તેઓ ફરીયાદપક્ષનાં ફરીયાદ મુજબ સંસ્થાનેકોમ્પ્યુટર વેચાણ કરનાર છે અને આરોપી હર્ષાબેને સદર સાહેદનાં દુકાનથી એક કોમ્પ્યુટર સેટ રૂા.૨૦૦૦૦/-નો ખરીદ કરેલ અને તેજ દિવસે કોમ્પ્યુટરનાં પૈસા ભાવસીંગભાઇ રામ સાયકલવાળા પાસેથી અપાવેલા અને પાછળથી શ્રી એમ.એમ.કન્યા વિધાલય પાલીતાણા નામનો ચેક આપી અને

રૂા.૨૦૦૦૦/- રોકડા મેળવી લીધેલાની હકીકતનો સદર સાહેદે ઈનકાર કરેલ છે. જે જોતાં સદરહું સાહેદે પ્રોસીકયુશનનાં કેસને સમર્થન આપેલ નથી. જયારે એ.પી.પી.શ્રીને સદરહું સાહેદને ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપવા છતાં સદર સાહેદે તેવી હકીકતોને સમર્થન આપેલ નથી. જેથી ફરીયાદપક્ષ આરોપી હર્ષાબેને કોમ્પ્યુટર વેચાણ કરવનાર પાસેથી રૂા.૨૦૦૦૦/- રોકડા મેળવી લીધેલાની હકીકત પ્રસ્થાપિત કરી શકેલ ન હોવાનું આ અદાલતને માનવાને કારણ રહે છે.

આંક : ૫૬થી સાહેદ ભાવસીંગભાઈ નથુભાઈ ગોહીલને તપાસવામાં આવેલ છે સદર સાહેદ રામ સાયકલ એન્ડ ઓટો પાર્ટ તરીકે સાયકલ રીપેરીંગનો ધંધો કરતાં હોય સદર સાહેદે સને ૨૦૦૯માં ૪૫ સાયકલ એમ.એમ.કલ્યાણ વિધાલયને વેચાણ આપેલ હોવાનું જણાવેલ છે. અને ૧૦૦ સાયકલ ગર્વમેન્ટએ ફાળવેલ હતી અને તે સમયે આરોપી હષાબેન આચાર્યએ કહેલ કે તમારે કાંઈ સંસ્થાને આપવું હોય તે આપો બીજી સદર સાહેદનેકોમ્પ્યુટરનો સેટ દીકરીઓ માટે આપો સારુ જણવેલ જેથી કોમ્પ્યુટર સેટ આરોપી હસ્તક ભાવનગરથી લઈ આપેલ હોવાનું જણાવેલ અને બીલ સંસ્થાને હેન્ડ ઓર કરેલ હોવાનું જણેવલ છે. જયારે સદરહું સાહેદ તેમની ઉલટતપાસમાં કબુલ રાખેલ છે કે, પોલીસને તપાસમાં / પુરછપરતમાં આરોપીએ સદર સાહેદે સને ૨૦૧૦ની સાલમાં કોમ્યુટરની રકમ સંદર્ભે સોગંદનામું કરેલ હતું અને સદર સાહેદે પોલીસને આરોપી હર્ષાબેન ભાલએ સદર સાહેદને જણાવેલ હોય કે મારી નોકરી બચે તેથી સદર સાહેદે આંક : ૫લ્વાળું સોગંદનામું કરી આપો તેવું જણાવેલ નથી. મીલનભાઈ કનુભાઈ રાઠોડનાં પાલીતાણા એજયુકેશન સોસાયટીનાં સેક્રેટરી તરીકે ફરજ બજાવે છે તે તથા સદર સાહેદ એક જ્ઞાતિનાં છે અને મીલનભાઈને ૧૦ થી ૧૧ વર્ષથી પરીચિત હોવાનું જણાવેલ છે. અને આંક : ૫૭અને ૫ટવાળા પત્રો સદરહું સાહેદે મીલનભાઈને સંબોધીને લખેલ છે. સદરહું સાહેદે સેક્રેટરી,શ્રીમતી મણીબેન મેઘજીભાઈ કન્યા વિધાલય, પાલીતાણાનાંને ઉદેશી પત્રો આ કામે આંક : ૫૭ અને ૫૮થી ખરી નકલ રજુ થયેલ છે અને આંક : ૫૯થી સદર સાહેદે કરેલ સોગંદનામાની ઝેરોક્ષ નકલ રજુ કરેલ છે. આંક : ૫૭ થી ૫૯નો ગૌણ પુરાવો હોય જે પ્રાથમીક પુરાવાથી સાબિત કરવાની શરતે આંક

આપવામાં આવેલ તે અસલ પત્રો, તથા અસલ સોગંદનામું પ્રોસીક્યુશન તરફથી તેવા અસલ દસ્તાવેજો બાબતે કોઇ પુર્વધારણા કે તે મળી ન આવવા બાબતે તે રજુ કરવા બાબતે કોઇ તજવીજ કરેલ નથી કે અંગે કોઇ ખુલાસો કરેલ નથી જેથી તેવો આંક : ૫૭ થી ૫૯નો ગૌણ પુરાવો ભારતીય સાક્ષ્ય અધિનીયમની કલમ ૫૬ થી ૬૦ની જોગવાઈ ધ્યાને લેતાં ફરીયાદપક્ષ તેવો પુરાવો પ્રસ્થાપિત કરવામાં નિષ્ફળ કરેલ હોવાનું માનવાને કારણ રહે છે.

આંક : ૬૦થી સાહેદ મીલનભાઇ કનુભાઈ રાઠોડને તપાસવામાં આવેલ છે સદર સાહેદની ચાની દુકાન હતી અને તેઓ સેક્રેટરી એમ.એમ.કન્યા વિધાલયમાં સેવા બજાવતાં હોવાનું જણાવેલ છે. અને બનાવની વિગત મુજબ જણાવેલ છે કે સરકારી સહાયમાં સાયકલ વિધાર્થીને મળે તે સાયકલ ભાવનગર રકમ સાયકલ સ્ટોરમાંથી સ્કુલે ખરીલ કરેલ હતી પછી સ્કુલને રામ સાયકલવાળાએ કોમ્પ્યુટર ગીફ્ટ આપેલ પછી ખબર પડેલ કે શાળાનાં આચાર્યએ ગીફ્ટની રકમ સ્કુલની ગ્રાન્ટમાંથી રૂ.૨૦,૦૦૦/- ઉઠાવેલ છે. જયારે આંક : ૬૩થી તા.૨/૮/૨૦૧૦ના રોજનો પત્ર રામ સાયકલ સ્ટોરનાં માલીક ભાવસંગભાઈને સંબોધીને સદર સાહદે સંસ્થાને ડોનેશન રૂ.૨૦,૦૦૦/–કઈ તારીખે કઈ રીતે આપેલ તે બાબતે વિગત આપવા લખેલ ની ખરી નકલ છે. આંક : ૬૫થી તા.૨૩/૮/૨૦૧૦ રોજ આરોપી હર્ષાબેન જે.ભાલને પાલીતાણા એજયુકેશન સોસાયટી તરફે સેક્રેટરી તરીકે સદર સાહેદ આપેલ ખુલાસાદર્શક નોટીસપત્રની ખરી નકલ છે. આંક : ૬૪થી તા.૨૯/૧૦/૨૦૧૦નાં રોજનાં પત્ર રામ સાયકલ ભાવસીંગ ગોહીલને ઉદેશીને સદર સાહદે લખેલ પત્ર છે જે કોમ્પ્યુટરની રકમ રૂ.૨૦૦૦૦/– કંઈ રીતે આપેલ તે અંગેનો ખુલાસા અંગે લખેલ પત્રની ખરી નકલ છે. આંક : ૬૬થી તા.૬/૯/૨૦૧૦નાં રોજ આરોપી હર્ષાબેનનાંઓએ સેક્રેટરી, પાલીતાણા એજયુકેશન સોસાયટી ખુલાસાદર્શક નોટીસનો જવાબની ખરી નકલ છે. આંક : ૬૧થી તા.૨૪/૧૧/૨૦૧૦નાં રોજ પત્ર સેકટરી, નીતીન ગોરજીયાને સંબોધીને સદર સાહેદે લખેલ પત્રની ખરી નકલ છે. આંક : ૬૨થી તા.૨૪/૧૧/૨૦૧૦નાં રોજ પત્ર ને ચેતમેન, પરસોતમ નાવડીયાને સંબોધીને સદર સાહેદે લખેલ પત્રની ખરી નકલ છે. આમ, સદરહું આંક : ૬૧ થી ૬૭નો ગૌણ પુરાવો હોય જે પ્રાથમીક પુરાવાથી સાબિત કરવાની શરતે

આંક આપવામાં આવેલ તે અસલ પત્રો, તથા જવાબ પ્રોસીકયુશન તરફથી તેવા અસલ દસ્તાવેજો બાબતે કોઇ પુર્વધારણા કે તે મળી ન આવવા બાબતે તે રજુ કરવા બાબતે કોઇ તજવીજ કરેલ નથી કે અંગે કોઇ ખુલાસો કરેલ નથી જેથી તેવો આંક : ૬૧ થી ૬૭નો ગૌણ પુરાવો ભારતીય સાક્ષ્ય અધિનીયમની કલમ ૫૬ થી ૬૦ની જોગવાઈ ધ્યાને લેતાં ફરીયાદપક્ષ તેવો પુરાવો પ્રસ્થાપિત કરવામાં નિષ્ફળ કરેલ હોવાનું માનવાને કારણ રહે છે. જયારે સદરહું સાહેદની ઉલટતપાસમાં આવેલ હકીકતો જોઇએ તો, સદર સાહેદ કન્યા વિધાલયમાં સેક્રેટરી ફરજ બજાવતો હોવાની તથા બધા મેમ્બરો ભેગા થયેલા અને પછી રામ સાયકલની ખરાઇ કરેલાની તથા કોમ્પ્યુટર ગીફ્ટમાં મળેલ તે અને સરકારી સ્કુલની ગ્રાંન્ટમાંથી રૂા.૨૦૦૦૦/– રકમ ઉઠાવેલ હોવાની હકીકત તથા રામસીંગભાઈનું નીવેદન લીધેલ હોવાની તથા તા.૨૪/૧૧/૨૦૧૦નાં પત્રની હકીકત તથા તે પત્ર પાલીસને આપેલ હોવાની તથા તા.૨/૮/૨૦૧૦નું રામ સાયકલ સ્ટોરનાં માલીક ભાવસંગભાઇને લખેલ ડોનેશન સંબંધેનાં પત્રની હકીકત તથા તા.૨૯/૧૦/૨૦૧૦નાં પત્રની હકીકત તથા તા.૨૩/૮/૨૦૧૦નાં રોજ હર્ષાબેન ભાલને ખુલાસા દર્શક નોટીસ આપેલ તે સંબધેની હકીકત તથા તા.૬/૯/૨૦૧૦નાં રોજ હર્ષાબેન ભાલ તરફથી ખુલાસા દર્શક નોટીસનો જવાબ આપેલ હોવાની હકીકત તથા તા.૨૩/૮/૨૦૧૦ની નોટીસની મહેન્દ્રસિંહ સરવૈયાને બનાવની જાણ હતી જ હોવાની હકીકત આ તમામ હકીકતો સદરહું સાહેદે તેમનાં પોલીસ રૂબરૂનાં નિવેદનમાં જણાવેલ નથી હોવાની હકીકત કબુલ રાખેલ છે. જયારે મયુરસિંહ હઠીસીંહ સરવૈયા પ્રમુખ તરીકે આવેલા ત્યારબાદ બનાવની જાણ થયેલ તેઓ કોઇ ફરીયાદ કરેલ નથી હોવાની હકીકત કબુલ રાખેલ છે.

આંક : ૬૮થી સાહેદ દીલીપભાઈ કિશોરભાઈ મહેતાને તપાસવામાં આવેલ છે સદરહું સાહેદ પાલીતાણા એસ.બી.આઇ બેંકમાં ડેપ્યુટી મનેજર તરીકે ફરજ બજાવે છે સદર સાહેદને તા.૨૫/૯/૨૦૧૪નાં રોજ તેમનાં બેંકનાં લેટર પેડ ઉપર પાલીતાણા ટાઉન પાલીસને સંબોધીને લખેલ પત્રની ખરી નકલ બતાવતાં તેમાં બેંકનાં સ્ટેમ્પ તથા અગાઉનાં શાખા પ્રબંધકની સહી હોવાનું અને તે પત્રમાં કન્યા વિધાલયનાં ખાતામાં તેમનો ચેક નં.૫૬૭

તા.૫/૨/૨૦૧૦નાં રોજ બેંકમાંથી ડેબીટ થયેલ તે અંગેનાં લખાણ હોવાનું જણાવેલ છે જે પત્ર આંક : ૬૯ આપવામાં આવેલ છે જયારે તે પત્ર સાથે એક ચેક નં.૫૬૭૨૦૩ની ઝેરોક્ષ રજુ છે તે તા.૨૭/૧/૨૦૧૦નાં રોજનો છે જેનાં એકાઉન્ટ નં.૫૬૦૧૪૦૬૭૯૬૪ છે તે ચેક તા.૫/૨/૨૦૧૦નાં રોજ દેના બેંક પાલીતાણા ખાતે કલીયરીંગમાં પાસ થયેલ તે ચેકનાં પેઈમાં મહાવીર એન્ટરપ્રાઈઝ, ભાવનગરનાં નામનો હતો અને રૂા.૨૦૦૦૦/–ની રકમ હતો તે અસલ ચેક સદર સાહેદ લાવેલ નથી કારણ કે તે ચેક ડીસ્ટ્રોઈડ થયેલ છે અને તે અંગેનાં કોઈ પ્રમાણ પત્ર લાવેલ નથી જે માર્ક એ આપેલ છે. જયારે સદરહું સાહેદ આરોપી તર્ફે તેમનાં વિ.વ.શ્રી તરફે કરેલ ઉલટતપાસમાં કબુલ રાખેલ છે કે, તેઓ તા.૩૦/૩/૨૦૨૪થી પાલીતાણા મેઈન બ્રાન્ચમાં ફરજ ઉપર હાજર થયેલ છે આંક : ૬૯નો પત્ર કયાં શાખા પ્રબંધકનાં હસ્તાક્ષરમાં છે અને કોની સહી છે તેઓ કહી શકે નહી. સદર સાહેદે અગાઉ પોલીસ સમક્ષ કોઈ નિવેદન આપેલ નથી.

આંક : ૭૪ સાહેદ ઉપેન્દ્રભાઈ નવલકીશોરભાઈ દવેને તપાસેલા છે તેઓ ફરીયાદપક્ષનાં કેસને બિલકુલ સમર્થન આપેલ નથી તેઓને ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્ન પુછવાની પરવાનગી આપવામાં છતાં તેઓએ ફરીયાદપક્ષને સમર્થન આપેલ નથી.

આંક : ૬૮થી સદરહું કામનાં તપાસ કરનાર અમલદાર કાસમભાઈ હબીબભાઈ સાંધનાને તપાસવામાં આવેલ છે સદરહું સાહેદે તેઓને સદરહું કામની તા.૫/૪/૨૦૧૪ની અરજીની તપાસ મળતાં તે અરજીનાં કામે અરજદાર તથા લાગતાં વળગતાં સ્કુલનાં સ્ટાફનાં કર્મચારીનાં નિવેદનો લેવામાં આવેલ અને આરોપી વિરુધ્ધ તપાસ અંગે પુરતાં પુરાવા મળી આવતાં હાલનું ચાર્જશીટ કરેલ વિગેરે હોવાનું જણાવેલ છે. જયારે સદરહું સાહેદની આરોપીનાં વિ.વ.શ્રી તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં આવેલ હકીકતો જોઈએ તો, ગુનો સૌપ્રથમ પોલીસ સ્ટેશનમાં જાહેર તા.૫/૪/૨૦૧૪નાં રોજ થયેલ અને ગુનો તા.૨૯/૮/૨૦૧૪નાં રોજ ગુનો રજીસ્ટર કરવામાં આવેલ છે એટલે ફરીયાદ આશરે સાડા ચાર વર્ષ મોડી હતી અને તે મોડી અંગે ફરીયાદીએ ફરીયાદમાં કોઈ ખુલાસો કરેલ નથી. તા.૬/૫/૨૦૧૪નાં પરેજ કોઈ કોગ્નીઝન્સ ગુનો ખુલતો ન હતો તેથી

ફરીયાદ રજીસ્ટરે કરેલ નથી. આંક : ૪ની વાળી ફરીયાદ જોઈને જણાવેલ કે તેમાં સાયકલ ગેરરીતી અંગેની હકીકત જણાવેલ નથી અને તે અંગે કોઈ સરકારી સાહેદનું કે વિધાર્થીનું નિવેદન લેવામાં આવેલ નથી.જયારે સમગ્ર તપાસ દરમ્યાન હર્ષાબેનને સાયકલ વેચાણ કરી રૂ.૨૦૦૦૦/- મેળવેલ હોય તેવો કોઈ પુરાવો મળી આવેલ નથી તેવા પ્રશ્નનાં જવાબમાં સદર સાહેદે જણાવેલ કે નીતીનકુમાર ગોરજીયાનાં નિવેદનમાં મળી આવેલ છે જયારે નીતીનભાઈ નારણભાઈ ગોરજીયાનાં નિવેદનમાં હર્ષાબેનને સાયકલ વેચાણ કરેલ હોય તે હકીકત નથી. સને ૨૦૧૦ થી સને ૨૦૧૪ દરમ્યાનનાં એમ.એમ.કન્યા વિધાલયનાં ઓડીટ કે હીસાબ કે એહેવાલ તપાસનાં કામે કબજે લીધેલ નથી. જયારે રામ સાયકલ સ્ટોરે સાયકલ સંસ્થાને આપેલ હોય તેવું બીલ આપેલ હોય તેવું કોઈ બીલ તપાસનાં કામે કબજે લીધેલ નથી. જયારે પાલીતાણા એજયુકેશન ટ્રસ્ટ દ્વારા એમ.એમ.કન્યા વિધાલયનું સંચાલન કરવામાં આવતું હતું પણ તે ટ્રસ્ટનાં ડીડ તપાસનાં કામે મેળવેલું નથી તથા ફરીયાદીને ટ્રસ્ટ વતી હાલની ફરીયાદ દાખલ કરવાનો અધિકાર છે કે કેમ તેવો કોઈ લેખિત આધાર પુરાવો ફરીયાદીએ તપાસનાં કામે આપેલ નથી કે તપાસમાં મેળવેલ નથી. ફરીયાદ લેનાર અને તપાસ કરનાર પોતે જ છે. તા.૫/૪/૨૦૧૪ થી તા.૨૯/૮/૨૦૧૪ દરમયાન તપાસ સદર સાહેદ પાસે હતી. જયારે મોટાભાગનાં સાહેદોનાં નિવેદનો ફરીયાદ રજીસ્ટર લેતાં પહેલા લીધેલ છે અને અરજીનાં કામે નિવેદનો મે અને જુલાઈ માસમા લીધેલ છે.

(૧૦) આમ, ઉપરોકત તમામ પ્રસ્થાપિત હકીકતો ધ્યાને લેતાં તથા આરોપી ઉપર લગાડવામાં આવેલ તહોમતનાં ની ઉપર ચર્ચા કર્યા મુજબની કલમનાં તત્વો સાથે મુલ્યાંકન કરતાં, હાથ પરના કેસમાં તપાસેલા તમામ સાહેદોનો પુરાવો ધ્યાને લેતાં તથા રજુ તમામ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતાં એક પણ પુરાવો હાલનાં આરોપી પ્રીન્સીપાલ તરીકેની ફરજ ઉપર નિમણુંક આપેલ તેવું જાહેરનામું કે તેવો કોઈ ઠરાવ આ કામે રજુ થયેલ નથી. ત્યારે ફરીયાદપક્ષનાં પુરાવા અનુસાર બનાવ સમયે હાલનાં આરોપી પ્રીન્સીપલ તરીકે પોતાની ફરજ બજાવતાં હતાં તેવું સાબીત કરવું જોઇએ તે બાબતનો લેશમાત્ર પુરાવો

રજુ કરેલ નથી. માત્ર સાહેદો આરોપી પાલીતાણા એજયુકેશન સોસાયટી સંચાલીત શ્રી એમ.એમ.કન્યા વિધાલયનાં પ્રીન્સીપલ હતાં તેવું જણાવી જાય છે પરંતુ તે બાબતે કોઇ આધાર રાખવા લાયક હુકમ નોટીફીકેશન કે ઠરાવ રજુ કરેલ નથી.

એટલું જ બીજી મહત્વની હકીકત આ ગુનાહિત વિશ્વાસઘાત માટે મહત્વની હકીકત એ છે કે, સોંપણી તથા અધિકાર. જયારે વ્યકિતના કબજા માં મિલકત આવી હોય ત્યારે વ્યક્તિ તે પોતાના ઉપયોગમાં લે અને તેની ઉચાપત કરે ત્યારે જ આ પ્રકારનો ગુનો બની શકે. એટલું જ નહીં જયારે આરોપીને મીલકત સોપવામાં આવી અને આરોપીનો તેના પર કબજો હતો તે હકીકત પ્રથમ પુરવાર થાય તે જરૂરી છે. જે ફરીયાદપક્ષને તમામ પુરાવો ધ્યાને લેતાં લેશ માત્ર નથી.

જયારે તપાસ કરનાર અમલદારે આંક : પર, પ૭ થી પ૯, તથા ૬૧ થી ૬૭ અને ૬૯ નાં દસ્તાવેજો તપાસ અર્થે કબજે કરેલા છે. જે બાબતે તપાસ કરનારને કોઈ નોલેજ નથી ત્યારે જે દસ્તાવેજો અદાલતમાં રજુ થયા છે અને તે આંકે પડેલ છે તેટલી હકીકત પુરતી નથી પરંતુ દસ્તાવેજો માહેની વિગતો સાબીત થવી જોઈએ. જયારે આંક : પર, પ૭ થી પ૯, તથા ૬૧ થી ૬૭ અને ૬૯ નાં દસ્તાવેજો ગૌણ પુરાવો હોય જે પ્રાથમીક પુરાવાથી સાબિત કરવાની શરતે આંક આપવામાં આવેલ અસલ પત્રો, તથા અસલ સોગંદનામું, ખુલાસા નોટીસ, જવાબ પ્રોસીકયુશન તરફથી તેવા અસલ દસ્તાવેજો બાબતે કોઈ પુર્વધારણા કે તે મળી ન આવવા બાબતે તે રજુ કરવા બાબતે કોઇ તજવીજ કરેલ નથી કે અંગે કોઈ ખુલાસો કરેલ નથી જેથી ભારતીય સાક્ષ્ય અધિનીયમની કલમ પ૬ થી ૭૨ની જોગવાઈ મુજબ દસ્તાવેજોની અંદરની વિગતો કોના હસ્તાક્ષરમાં છે. કોણે લખેલ છે. શા માટેની, શું વિગતોનો દસ્તાવેજ છે અને કોની હાજરીમાં થયેલ છે વિગેરે હકીકતો સાબીત થવી જોઈએ આ હકીકત બાબતે ૧૯૯૭ (૨) જી.એલ.એચ. પા.નં. જહોન મીઠાલાલ દેસાઈ વિ. દિનેશ કે. વ્હોરાના ચુકાદામાં રસપ્રદ નિરીક્ષણ પારા–ઈ માં કરેલ છે જે નીચે મુજબ છે.

Para(E) : The documents are to be admitted in evidence and mark as exhibit when proved in accordance with law. In other words, documents

upon which reliance is placed by the party must be brought on record legally. Near marking the documents as exhibit is not enough. Necessary provisions pertaining to documents evidence are made vide Ss.61 to 73 in Chapter V of the Indian Evidence Act 1872. About the proof of the documents S.61 r.w.S.45, 47 & 73, 64 & 67 cannot be lost the sight of the court. What can be deduced from conjoint of such provisions is that the document can be proved in the manner provided by aforesaid sections or by internal proof afforded by its own contents. It must well be remembered that not only the execution of the document but also the contents thereof are required to be proved for execution even in proved is not the proof of the content of the documents.

ઉપર મુજબનું નિરીક્ષણ ધ્યાને લેતાં માત્ર દસ્તાવેજો આંકે પડે તે હકીકત નથી પરં તું તેની અંદરની વિગતો સાબીત થવી જોઈએ. જેથી ઉપરોકત ચર્ચા કર્યા મુજબ આંક : ૫૨, ૫૭ થી ૫૯, તથા ૬૧ થી ૬૭ અને ૬૯ નાં દસ્તાવેજો ગૌણ પુરાવો હોય જે પ્રાથમીક પુરાવાથી પ્રોસીકયુશન પ્રસ્થાપિત કરવામાં નિષ્ફળ રહેલ આ અદાલતને માનવાને કારણ રહે છે.

આમ, ઉપરોક્ત પ્રસ્થાપિત હકીકતો ઉપરથી એવું સ્પષ્ટ ફલિત થાય છે કે આરોપી પાલીતાણા એજયુકેશન સોસાયટીએ રામ સાયકલ ભાવસીંગ પાસેથી સાયકલની ખરીદી કરવાની જવાબદારી સોપેલ હોય કે નિહીત હતી તેવું ફરીયાદપક્ષ સ્પષ્ટ પુરાવાથી ઉપર ચર્ચા કર્યા મુજબ પ્રસ્થાપિત કરેલ નથી. જયારે ફરીયાદીની અરજી આંક : ૪૪ની અરજીમાં રામ સાયકલવાળાને આરોપીએ આવડી મોટી સાયકલની ખરીદી હોય સંસ્યા માટે ડોનેશન પટે એક કોમ્પ્યુટરની જરૂર હોય તેવી હકીકત જણાવેલ નથી તેથી તે પણ ફરીયાદપક્ષ વિરુધ્ધની હકીકત માનવાને કારણ રહે છે. જયારે રામ સાયકલ એન્ડ ઓટો સ્પાર્ટ, ઘોઘા રોડ ભાવનગર વાળા ભાવનસીંગભાઈ એમ.ગોહીલનાંએ સંસ્થાને કોમ્પ્યુટર ડોનેશન માટે શ્રી મહાવીર એન્ટર પ્રાઈઝ પાસેથી ખરીદ કરી રોકડા ચુકવેલ હોય અને તે વખતે આરોપી હાજર હોય તેવું પણ ફરીયાદપક્ષનો પુરાવો જોતાં પ્રસ્થાપિત થતું નથી. જયારે આંક : ૫૯ વાળું સોગંદનામું કરી આપો તેવું આંક : ૫૬નાં સાહેદ ભાવસીંગભાઈએ જણાવેલ નથી તેવું પણ પ્રસ્થાપિત થતું હોય તથા આરોપી જયારે સને

૨૦૧૦ થી સને ૨૦૧૪ નાં વર્ષનાં ઓડીટ ડોનેશન માટે કોઈ હીસાબો કે અહેવાલ રજુ નથી. જયારે આરોપી કોમ્પ્યુટરની ખરીદી ડોનેશનનાં પૈસા થી રોકડમાં કરેલ હોવાનું જાણવા છતાં ઈરાદાપુર્વક ચેક નં.૫૬૭૨૦૩ તા.૨૭/૧/૨૦૧૦નાં રોજનો એકાઉન્ટ પેઈ ઈસ્યુ કરેલ હોય તેવું પણ રેકર્ડ ઉપર ફરીયાદપક્ષ લાવી શકેલ નથી જયારે ચેકનું પેમેન્ટ પાલીતાણા એજયુકેશન સોસાયટી સંચાલીત એમ. એમ. કન્યા વિધાલયનાં સેક્રેટરી અને આચાર્યનાં બંનેનાં સહી થતું હોવાનું પણ રેકર્ડ ઉપર આવે છે જયારે તે ચેકનું પેમેન્ટ મહાવીર એન્ટર પ્રાઈઝ, ભાવનગરનાં ખાતામાં જમા થયેલ હોય તેવું પણ આંક – ૬૯ તથા આંક – ૬૮નાં સાહેદની જુબાની ઉપરોકત ચર્ચા કર્યા મુજબ જોતાં પ્રસ્થાપિત નથી. જયારે મહાવીર એન્ટરપ્રાઈઝ ભાવનગરને આરોપીએ કોમ્પ્યુટર ખરીદી પેટે ચેક આપી તેમની પાસેથી રોકડ રકમ રૂ.૨૦,૦૦૦/– પોતાનાં પાસે રાખેલ હોય તેવી હકીક્ત આંક – ૫૫થી તપાસેલા સાહેદની ઉપરોકત ચર્ચા કર્યા મુજબની જુબાની જોતાં ફરીયાદપક્ષ પ્રસ્થાપિત કરવામાં નિષ્ફળ રહેલ હોવાનું આ અદાલતને માનવાને કારણ રહે છેઈ જયારે આરોપીએ તાઈ૩ળ૪ળ૨૦૧૪નાં રોજની ફરીયાદનાં આક્ષેપ મુજબ તા.૧૭/૬/૨૦૧૦નાં રોજ રૂ.૧૦,૦૦૦/– તથા રૂ.૧૦,૦૦૦/– બે પહોચ નં.૧૭૮ અને ૧૭૯ થી જમા કરાવેલ હોવાની ફરીયાદ છે જયારે તે બંને પહોચમાં સેક્રેટરી મીલનભાઈની સહી અને વસુલ કરનાર તરીકે વી.ટી.વાઘાણીની સહી છે જયારે નાણા આપનાર તરીકે મહાવીર પાન સે¬ટર ભાવનગર તથા શ્રી રામ સાયકલ એનડ ઓટો પાર્ટસ ભાવનગર તરફે પૈસા મળેલ હોવાનું આંક : ૨૬થી તપાસેલા ફરીયાદીની જુબાનીમાં સ્પષ્ટ ફલિત થાય છે જેથી આરોપીએ રૂ.૨૦,૦૦૦/– જમા કરાવ્યા હોય તેવું ફરીયાદપક્ષ ફરીયાદ મુજબ પ્ર સ્થાપિત કરી શકેલ ન હોવાનું આ અદાલતને માનવાને કારણ રહે છે. જયારે સદરહું કામની ફરીયાદ અરજી અનુસંધાને ગુનો સૌપ્રથમ પોલીસ સ્ટેશનમાં જાહેર તા.૫/૪/૨૦૧૪નાં રોજ થયેલ છે અને ગુનો તા.૨૯/૮/૨૦૧૪નાં રોજ ગુનો રજીસ્ટર કરવામાં આવેલ છે એટલે કે ફરીયાદ આશરે સાડા ચાર વર્ષ મોડી આપવામાં આવેલ હોવાનું સ્પષ્ટ ફલિત

થાય છે જયારે તેવી મોડી ફરીયાદ અંગે રેકર્ડ ઉપર કોઇ ખુલાસો કે તેવી મોડી ફરીયાદ કરવાનાં કારણો પણ ફરીયાદપક્ષ રેકર્ડ ઉપર લાવી શકેલ નથી જેથી તેવી હકીકત ફરીયાદપક્ષને ઘાતક પ્રસ્થાપિત થાય છે. જેથી બચાવ પક્ષનો બચાવ માનવાને કારણ રહે છે કે સદર કામનાં આરોપીને એમ.એમ.કન્યા વિધાલયનાં આચાર્યનાં હોદા પરથી ફરજ મુકત તા.૧૦/૨/૨૦૧૪નાં રોજ કરવામાં આવેલ તેવો ઠરાવ ફરીયાદીનાં પાલીતાણા એજયુકેશન સોસાયટીએ કરેલ અને આરોપીને તા.૧૧/૨/૨૦૧૪નાં રોજ ફરજ ઉપરથી મુકત કરવામાં આવેલ અને તા.૧૩/૨/૨૦૧૪નાં રોજ જીલ્લા શિક્ષણ અધિકારી દ્વારા ફરીયાદીને આરોપીને નોકરીમાંથી છુટા કરવા સંબધેનાં પગલાને બહાલી આપવાનાં સંદર્ભે રૂબરૂ જીલ્લા શિક્ષણ અધિકારીની કચેરી ભાવનગર ખાતે બોલાવવામાં આવેલ અને જીલ્લા શિક્ષણ અધિકારી, ભાવનગર દ્વારા તેઓનાં હુકમ મુજબ બંને પક્ષોની રજુઆત સાંભળી શાળાનાં મંડળને માઘ્યમીક શિક્ષણ વિનીમય કલમ ૨૭–અ–૬ મુજબ મોટી શિક્ષા કરવા માટે નકકી કરેલ કાર્ય પઘ્ધતી અનુસરવા માટે જણાવવામાં આવેલ પંરતુ માઘ્યમીક શિક્ષણ વિનીમય કલમ ૨૭–અ–૬ મુજબ મોટી શિક્ષા કરવા માટે નકકી કરેલ કાર્યપઘ્ધતી અનુસરવામાં આવેલ નહી. જે આરોપીએ તા.૧૩/૩/૨૦૧૪નાં રોજ જીલ્લા શિક્ષણ અધિકારી તથા ફરીયાદી તથા એમ.એમ.કન્યા વિધાલયનાં પ્રિન્સીપલ સામે ના.ગુજરાત હાઇકોર્ટમાં સ્પે.સીવીલ રીવી. એપ્લીકેશન નં. ૪૧૮૧/૨૦૧૪ની આરોપીને ફરજ મુકત કર્યા બાબતે દાખલ કરેલ. જયારે તા.૧૦/૨/૨૦૧૪નાં રોજ કરવામાં આવેલ ઠરાવમાં હાલનાં આરોપી સંબધે ફરીયાદમાં કરેલ ઉચાપતનાં આક્ષેપો સંબંધની કોઇ હકીકત દર્શાવવામાં આવેલ નથી જયારે તેમાં આરોપી સામે હેડ કર્વાટર છોડવા સંર્દભેનાં એકમાત્ર આક્ષેપ સિવાય બીજા કોઇ આક્ષેપ નથી. આરોપીને ચાર્જશીટ વિના સસ્પેન્ડ કરેલ છે અને આરોપી સામે કોઈ પ્રીલીમીનરી ચાર્જ મુકેલ ના હતો અને તે અંગેની કાર્યવાહી કરેલ નથી. જે હકીકતો જોતાં આરોપીને ફરીયાદીની સંસ્થાએ નોકરીમાંથી ફરજમુકત કરેલ અને તે સામે કરેલ આક્ષેપો અંગે આરોપીએ એપેલેટ ઓથોરીટીમાં કરેલ લીટીગેશનો અંગે દબાણ લાવવા હાલની ફરીયાદ કરેલાનું બચાવ પક્ષનો

બચાવ જોતાં માનવાને કારણ રહે છે. જે હકીકતો જોતાં આરોપીના વિ.વ.શ્રીએ તેમની દલીલમાં નીચેના જજમેન્ટો રજુ કરેલ જે અત્રે પ્રસ્તૃત બને છે.

(1) Arshad Neyaz Khan Versus State Of Jharkhand, Cri.Appeal No.4281-2025 (SC, Jharkand High Court.)

Every act of breach of trust may not result in a penal offence unless there is evidence of a manipulating act of fraudulent misappropriation of property.

Indian Penal Code, 1860 - S. 406, 420, 120B - Bharatiya Nyaya Sanhita, 2023 - S. 316, 318, 62 - Code of Criminal Procedure, 1973 - S. 482 - Bharatiya Nagarik Suraksha Sanhita, 2023 - S. 528 - quashing of complaint - allegation that appellant accused of failing to transfer property after receiving advance payment for sale agreement - however, complainant has failed to make out a case that satisfies basic ingredients of offence under S. 420 IPC - from FIR as well as complaint, no offence of cheating as defined under S. 420 IPC is made out and nothing found that there is any cheating and dishonest inducement to deliver any property or a valuable security involved in instant case - for establishing offence of cheating, complainant was required to show that appellant had a fraudulent or dishonest intention at the time of making a promise or representation of not fulfilling agreement for sale of said property - nothing has been shown as to what misrepresentations were and how appellant intentionally deceived complainant - mere allegations by complainant that appellant failed to execute agreement for sale and failed to refund money paid by complainant does not satisfy test of dishonest inducement to deliver a property or part with a valuable security as enshrined under S. 420 IPC - no any offence of criminal breach of trust has been made out - every act of breach of trust may not result in a penal offence unless there is evidence of a manipulating act of fraudulent misappropriation of property entrusted to him - in case of criminal breach of trust, if a person comes into possession of property and receives it legally, but illegally retains it or converts it to its own use against terms of contract, then question whether such retention is with dishonest intention or not and whether such retention involves criminal breach of trust or only a civil liability would depend upon facts and circumstances of case - in present case, complainant has failed to establish ingredients essential to constitute an offence under S. 406 IPC - none of offences alleged against appellant is made out - allegations of criminal intent and other allegations against appellant have been made with a mala fide intent and therefore, judgment of this Court in case of Bhajan Lal squarely applies to facts of this case - hence, it is neither expedient nor in interest of justice to permit present prosecution to continue - complainant had an alternative remedy of filing a civil suit claiming damages for alleged violation of his contractual rights which has not been availed - impugned order

of High Court is set aside - appeal allowed. (Para 18,19,20,21,22,23,25)

(2) State Of Gujarat Versus Jaswantlal Nathalal, Criminal Appeal No. 93 of 1965 ; Decided on:- 28-12-1967

(a) Indian Penal Code, 1860 - S. 409, 405 - breach of trust - appeal against acquittal for breach of trust regarding cement allocation - respondent was convicted for misappropriating forty bags of cement intended for construction work but claimed they were utilized by a subcontractor - Held that prosecution failed to establish necessary elements of entrustment and misappropriation as required under S. 405 and S. 409 of IPC - absence of complaint from the contractor further weakened the case against the respondent - appeal dismissed. (Paras 1, 4, 5, 11, 12)

(b) Indian Penal Code, 1860 - S. 405 - entrustment - examination of whether there was legal entrustment of property in context of a sale transaction - government sold cement to contractor with stipulation for its use in construction work but no evidence showed government retained ownership post-sale - Held that mere sale transaction does not constitute entrustment under S. 405 IPC as it lacks requisite judicial relationship and confidence necessary for establishing trust - thus, no breach of trust could be inferred from the facts presented. (Paras 6, 7, 8)

(c) Indian Penal Code, 1860 - S. 406 - misappropriation - assessment of whether misappropriation occurred following alleged breach of trust involving cement delivery - prosecution's claim hinged on assumption that government retained rights over cement after sale - Held that without proving initial entrustment as defined under IPC, it was unnecessary to determine if misappropriation took place since foundational elements were not established by prosecution's evidence. (Paras 9, 11)

(3) Sardar Singh Versus State Of Haryana, Criminal Appeal No. 313 of 1971 ; Decided on:- 01-11-1976, SUPREME COURT OF INDIA (FROM - PUNJAB AND HARYANA HIGH COURT)

Indian Penal Code, 1860 - S. 405, 409 - whether failure or omission to return property sufficient to constitute offence under S. 409 and 405 of IPC - held, what section requires much more than mere failure or omission to return receipt book - prosecution has to go further and show that accused dishonestly misappropriated or converted receipt book to his own use or dishonestly used or disposed of it - appeal allowed.

(4) Baldevbhai Premjibhai Chauhan Versus State Of Gujarat, Criminal Revision Application No. 313 of 1990 ; Decided on:- 04-08-2000

INDIAN PENAL CODE, 1860 - S. 409 - Code of Criminal Procedure, 1973 - S. 313, 397, 401 - petitioner-accused charged with

> criminal breach of trust - alleged misappropriation committed by petitioner - concurrent judgment of both lower courts challenged - contended that both lower courts failed to appreciate real circumstances of case - appreciation of evidence - impugned judgment of conviction - legality and validity - held, on analysis of evidence on record, the essential ingredients of offence are not established - alternative version presented in defence appears to be more probable rather than imputed entrustment and misappropriation - omission of offence by accused is not proved beyond reasonable doubt - impugned judgment and order set aside and quashed - application allowed.

આમ,ઉપરોકત જજમેન્ટો તથા તેમાં પ્રસ્થાપિત સિધ્ધાંતો જોતાં વિશ્વાસભંગનું દરેક કાર્ય દંડનીય ગુનો બની શકે નહીં સીવાય કે તેને સોંપવામાં આવેલ મિલ્કત કે જવાબદારી છેતરપીંડી પુર્વક તેનો દુરઉપયોગ કર્યાનો પુરાવો હોય, જયારે ઉપરોકત ચર્ચા કર્યા મુજબ ફરીયાદ પક્ષના આક્ષેપ મુજબ સંસ્થાને સાયકલ મેળવવા અંગે ગેરરીતી થયેલ હોય તથા ડોનેશનમાં કમ્પ્યુટર આપવાનું જણાવી સંસ્થા વતી આરોપીએ કમ્પ્યુટર ખરીદી કરી કમ્પ્યુટર વાળા પાસેથી રોકડા નાણાં મેળવી પોતાની પાસે રાખેલ હોય તેવું ફરીયાદ પક્ષ ઉપરોકત ચર્ચા કર્યા મુજબ પ્રસ્થાપિત કરી શકયા નથી. જયારે આરોપીએ ડોનેશનના નાણાં ગેરકાયદેસર રીતે જાળવી રાખ્યા હોય અને તેવું જાળવી રાખ્યાનું આરોપીનો અપ્રમાણીત ઈરાદો હતો તેવું પણ ફરીયાદ પક્ષ પ્રસ્થાપીત કરી શકેલ નથી. જયારે જરૂરી જવાબદારીની સોંપણી અને તેવી જવાબદારી કે મિલ્કતનો ગેરઉપયોગના જરૂરી તત્વો તથા વિશ્વાસભંગના પાયાના તત્વો ફરીયાદ પક્ષ પ્રસ્થાપિત કરવામાં નિષ્ફળ ગયેલ હોવાનું આ અદાલતને માનવાને કારણ રહે છે. વધુમાં આરોપીએ અપ્રમાણીક રીતે કમ્પ્યુટરની ખરીદી બદલ ડોનેશનના નાણાં રોકડામાં મેળવ્યા હતાં અને તેનો પોતાના માટે દુરઉપયોગ કર્યો હતો અથવા તેનો નિકાલ કર્યો હતો તેવું પણ ફરીયાદ પક્ષ રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. આમ, આરોપી ઉપર આક્ષેપ કરવામાં આવેલ ગુનાના આવશ્યક તત્વો ફરીયાદ પક્ષ પ્રસ્થાપિત કરી શકેલ નહીં તેવું આ અદાલતનું માનવાને કારણ રહે છે. અને બચાવમાં રજુ કરેલ હકીકતની વધુ સંભવીતતા લાગે છે. જેથી આ કામના આરોપીએ એમ.એમ. કન્યા વિદ્યાલય, પાલીતાણા ખાતે આચાર્ય તરીકે પોતાની ફરજ દરમ્યાન સરકારશ્રી તરફથી ભેટ મળેલ સાયકલોમાં ગેરરીતી

કરી, શ્રી રામ સાયકલ સ્ટોરવાળા પાસેથી કોમ્પ્યુટર સેટ-૧ ના રૂા. ૨૦,૦૦૦/- રોકડા લઇ, શ્રી મહાવીર એન્ટરપ્રાઈઝ કોમ્પ્યુટર વાળાને રોકડમાં ચુકવી, ત્યારબાદ ચેક નં. ૫૬૭૨૨૦૩, તા. ૨૭/૧/૨૦૧૦ નો એકાઉન્ટ પે નો ઈશ્યુ કરી, રોડક રૂા. ૨૦,૦૦૦/- કોમ્પ્યુટરવાળા પાસેથી પરત મેળવી, પોતાના અંગત ઉપયોગમાં લઇ, સંસ્થાની રકમનો તથા રેકર્ડનો દુરઉપયોગ કરી, હંગામી ઉચાપત કરી, સંસ્થા સાથે છેતરપીંડી કરી, ભારતીય દંડ સંહિતાની કલમ-૪૦૯, ૪૨૦ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ હોવાનું ફરીયાદપક્ષ નિંશકપણે પુરવાર કરી શકેલ નથી. તેવું આ અદાલતને માનવાને કારણ રહે છે જેથી મુદા નં. ૧ નો નકારમાં જવાબ આપી મુદા નં. ૨ નો આખરી હુકમ નીચે મુજબ હુકમ કરું છું.

-: આખરી હુકમ :-

૧. આ કામના આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા ૨૦૨૩ ની કલમ-૨૭૧(૧) અન્વયે ભારતીય દંડ સંહિતનની કલમ-૪૦૯,૪૨૦ મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી, છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આ કામે ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા ૨૦૨૩ ની કલમ ૪૮૧ અન્વયે આરોપીએ અપીલ સમય સુધીના રૂા. ૧૫,૦૦૦/- ના જામીન રજુ કરવાનો હુકમ કરવામા આવે છે.

હુકમ આજ તારીખ-૦૯, માહે-જુન, સને-૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી -સંભળાવી, જાહેર કર્યો.

સ્થળ : પાલિતાણા.

(રાજેશ માંદીયાભાઈ ધોડી)
એડીશ્નલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ, પાલીતાણા

જીજે.૦૧૧૭૫

કે.એ. ખણધર(પી.એ.).